#卐 શ્રી વ્રજલાલભાઈ-સ્મૃતિઅંક 卐



કહાન સંવત-૮ □ (૫૩૦) ❋ આત્મધર્મ ❋ (અંક- ૬ વર્ષ -૪૪) □ વીર સં. ૨૫૧૪ ડીસેમ્બર, ૧૯૮૭



શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ

કહાન
સંવત-૮
વર્ષ-૪૪
અંક-૬
[ ૫૨૦ ]




વીર
સંવત
૨૫૧૪
A. D. 1987
DEC.
સં. ૨૦૪૪

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# શ્રી વજલાલભાઈ-સ્મૃતિઅંક ]

## શ્રી વ્રજલાલભાઈની ૬૧ વર્ષ પહેલાંની નોંધપોથીમાંથી

[ અહીં ૬૧ વર્ષ પહેલાંનાં પૂજ્ય ગુરુદેવનાં વ્યાખ્યાનોની થોડીક પ્રસાદી આપી છે. સ્વ. ભાઈશ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ—પંડિત શ્રી હિંમતલાલભાઈ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વડીલ બંધુ—વિ. સં. ૧૯૮૨માં પૂજ્ય ગુરુદેવનાં, વઢવાણમાં થયેલ ચાતુર્માસ વખતે, જે પ્રવચનો થયેલાં તેનો સાર પોતાની હાથનોંધમાં લખી લેતાં હતા. તે નોંધમાંથી આ 'પ્રસાદી' અત્રે આપવામાં આવી છે. પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનોમાંથી કેટલાક લેખો તૈયાર કરીને ભાઈશ્રી વજુભાઈ તથા હિંમતભાઈ તે વખતે પણ જૈનપત્રોમાં આપતા હતા. ૬૧ વર્ષ પહેલાં પણ પૂજ્ય ગુરુદેવની વાણીનો રણકાર કેવો આત્મસ્પર્શી હતો, તે આપણને આ પ્રસાદીમાં જોવા મળે છે. ]

**પ્રભુનો ખરો શ્રાવક કોઈ પણ દેવની સહાય ઇચ્છતો નથી. સાક્ષાત્ સાચો કોઈ દેવ કે ઇન્દ્ર આવીને હજારો રૂપ બનાવીને ચાળા કરે તોપણ સમકિતી શ્રાવક કહે કે "તે તારી શક્તિ છે તો તું કરી શકે છે, પણ જો મારા અશુભનો ઉદય નહિ હોય તો તું મારું એક રુંવાડું પણ ફરકાવી શકે તેમ નથી અને જો મારા શુભનો ઉદય નહિ**

હોય તો તું મારું શુભ ત્રણ કાળમાં કરી શકીશ નહિ." પ્રભુ મહાવીરના શ્રાવકો આવા દૃઢ શ્રદ્ધાવાન હોય છે.

*

બહારના દેખાવ કે લિંગ પરથી સાધુ ઓળખી શકાતા નથી.

માણસ હોના મુશ્કિલ હૈ, સાધુ કહાંસે હોય;
સાધુ હુઆ તો સિદ્ધ હુઆ, કહેણી રહી ન કોય.

સાધુ એટલે તો પાંચમા પ્રભુ, સાધુ એટલે તો તે કે જેનાં પગનાં તળિયાં ઇન્દ્રો ચાટે. સાધુ એટલે ભગવાન.

*

સમકિતનું સ્વરૂપ ઘણું જ સૂક્ષ્મ છે. હજારો લાખોમાં કોઈક જ સમકિતી હોય છે. દુનિયામાં બે જ વસ્તુ છે, કાં તો સમકિત અને કાં તો મિથ્યાત્વ; ત્રીજી વચલા વાંધાની કોઈ વસ્તુ નથી. અથવા ચાર આના સમકિત અને બાર આના મિથ્યાત્વ કે આઠ આના સમકિત અને આઠ આના મિથ્યાત્વ—એવું છે જ નહિ. જો સમકિત નથી તો મિથ્યાત્વ ઊભું જ છે.

*

ઘણા એમ કહે છે કે તીર્થંકરો પણ કુળદેવીઓને નમે છે. કહેનારને તીર્થંકરોના સ્વરૂપનું ભાન નથી. જે વાત પોતાને કરવી હોય છે તે ઠેઠ તીર્થંકરને નામે ચડાવી દે છે, એટલે પછી પોતાને તેમ કરવામાં વાંધો નહિ. જે મહાપુરુષના જન્મસમયે ચૌદ રાજલોકનાં પુદ્ગલો ક્ષણભર પરિવર્તન પામે—અજવાળાં થાય, જેના જન્મપ્રસંગે ઇન્દ્રોનાં આસનો ચલાયમાન થાય, શક્રેન્દ્ર જેવા પણ જેની માતાને 'ધન્ય રત્નકૂખ-ધારિણી' કહીને નમસ્કાર કરે અને જન્મોત્સવ ઊજવે તે લોકોત્તર પુરુષ, ઇન્દ્રના સેવકના પણ સેવકની સેવિકા એવી દેવીને તે નમે? તીર્થંકરોનું સ્વરૂપ સમજવું જીવને કઠણ પડે તેવું છે.

*

આત્માને ખરું સ્વરૂપ સમજાવનાર નથી મળ્યા એવું નથી, પણ સાચું સમજવાની ખરી ધગશ જ આત્માને જાગી નથી. ખરી ઇચ્છા-પિપાસા-તાલાવેલી જ પ્રગટી નથી. અણજાણેલું સ્વરૂપ જાણવાનો સંવેગ-પુરુષાર્થ જ જીવે કર્યો નથી. ખરી ધગશ-પિપાસા જાગી હોય અને સમજાવનાર સદ્ગુરુ ન મળે તેવું બને જ નહિ. ન હોય ત્યાંથી સાનુકૂળ સંયોગો પ્રાપ્ત થાય અને જાગેલી પિપાસા તૃપ્ત કરવાનો યોગ જરૂર બની આવે, અગર ન મળી આવે તો આત્મામાંથી જ તડ પડીને સ્વરૂપ

સમજાઈ જાય, આત્મામાંથી જ નાદ ઊઠે, ઝણઝણાટી થાય અને ન થયેલો એવો અપૂર્વ અનુભવ પ્રગટે. પણ એવો પુરુષાર્થ ઉપાડવો જોઈએ.

*

કેટલાક કહેવાતા સાધુઓ કહે છે કે તમારે અમારું શું કામ છે? તમે તમારું સંભાળોને! આમ કહેનારાને ભગવાન મિથ્યાત્વી કહે છે. ભાઈ! તારું કામ અમારે કેમ ન હોય? તારી પાસેથી તો અમારે ધર્મ સાંભળવો છે, તારી પાસેથી અમારે અણમેળવેલું મેળવવું છે; એટલે તારું તો અમારે પહેલું કામ છે. તારામાં તરવાની શક્તિ છે કે નહિ તે તો અમારે પહેલાં જ જાણવું છે. જો તું જ તરી શકે તેવો નહિ હો, તો અમને કેમ તારી શકવાનો છે? તને ખબર તો હશે કે—

બગડયું પાન બગાડે ચોળી,
બગડયો સાધ બગાડે ટોળી.

*

તારે જ્ઞાન કરવું નથી અને પારકે જ્ઞાને જ્ઞાની થવું છે. સમકિત કે મોક્ષ કોઈ ખોળામાં નાખી જાય તો લેવો છે. પણ ભાઈ! અમારો કર્યો કાંઈ તારો મોક્ષ થવાનો નથી, તારો કર્યો જ તારો મોક્ષ થવાનો છે. મોક્ષ પામવા તારે જ જ્ઞાની થવું પડશે, તારે માટે કોઈ જ્ઞાની થાય તે તને પરવડશે નહિ–ચાલશે નહિ. વીતરાગમાર્ગમાં એવી પોલ ચાલશે નહિ જ.

*

ઘણા લોકો તીર્થંકરોના અતિશયથી અંજાઈ તેને તેમના ગુણ માને છે. અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ વગેરે તેઓ ગુણમાં ખતવે છે. પણ તેમને ખબર નથી કે વૃક્ષ, ફૂલ વગેરે તો જડ છે, અને જડ કાંઈ આત્માના ગુણો હોઈ શકે? આવું માનનારા તીર્થંકરોની પુણ્યપ્રકૃતિથી અંજાઈ જાય છે અને તેને ગુણો માની બેસે છે, કારણ કે પુણ્યની રુચિ પડી છે. આત્માના ગુણની ઓળખાણ પણ થવી મુશ્કેલ હોય છે.

*

જ્ઞાન કરવાની આળસવાળા ઘણા કહે છે કે "આપણને વધુ ખબર ન પડે, આપણે તો મહાવીર સાચા અને તેમનો મારગ સાચો એટલું જાણીએ". —આમ મોઘમ રીતે મહાવીરને સાચા કહેનારાના ઘરે કાંઈ સમકિત આવી જતું નથી. મહાવીરને સાચા કહે અને તેમનાં વચનના ભાવને સમજે નહિ તેણે મહાવીરને માન્યા જ નથી.

*

અન્યમતીને કાંઈ શિંગડાં નથી હોતાં. જૈનમાં બેઠેલાં શ્રાવક-શ્રાવિકાઓ કે પાટ પર બેઠેલાઓમાંથી પણ ઘણાખરા તો અન્યમતીમાં ખપે તેવા હોય છે. ભગવાન મહાવીરે પ્રરૂપેલાં સત્યોને યથાતથ રીતે માને તે જૈનમતી અને ન માને તે અન્યમતી.

*

શાસ્ત્રની શૈલી કોઈ જુદા જ પ્રકારની છે. તેના ન્યાયો બહુ ગૂઢ છે. સર્વજ્ઞના કહેવાના આશયો સમજવા કઠણ પડે તેવા હોય છે. ખાલી શબ્દો કે વાક્યોને વળગી રહેવામાં અર્થનો અનર્થ કરી બેસાય તેવું છે. પ્રભુએ આ કયા આશયથી કહ્યું છે અને આમ કહીને શું સમજાવવા માગે છે તે જાણવું કઠણ છે, ગુરુગમ વિના તે સમજાય તેવું નથી. સર્વજ્ઞની વાણીની ઊંડાઈ સદ્‌ગુરુના મુખમાં છે. સદ્‌ગુરુ વિના તે ઊંડાઈનો પાર પામી શકાય તેવું નથી.

*

અત્યારે દુનિયા ચમત્કારને નમસ્કાર કરે છે. જો કોઈ જીવન કે મરણની વાત કહેનારો નીકળે તો હજારો શિર ત્યાં ઝૂકી પડે છે. પણ આવી વાતો તો મિથ્યાત્વી પણ કહી શકે છે; મિથ્યાત્વી બાવા પણ પોતાના કે પરના મરણની વાત કરી શકે છે, જ્યારે કોઈ જ્ઞાની—સમ્યગ્દષ્ટિ હોય તે ભવિષ્યની વાત ન પણ જાણતો હોય.—આમાં આશ્ચર્ય પામવા જેવું નથી. કોઈ મિથ્યાત્વી અભવી હોય અને વિભંગજ્ઞાને કરી અનેક દ્વીપ-સમુદ્રો દેખે, જ્યારે અંતમુહૂર્તમાં કેવળ લેવાવાળા ભાવલિંગી સાધુ, એ જાતનો ક્ષયોપશમ ન થયો હોય તો, એક પણ દ્વીપ-સમુદ્રને ન દેખે. ઘણી વાર મિથ્યાત્વીને કેટલીક સિદ્ધિઓ પણ પ્રાપ્ત હોય છે, જ્યારે સમકિતીને એવી સિદ્ધિઓ ન પણ હોય; તેથી કરીને મિથ્યાત્વી કાંઈ ઊંચો થઈ જતો નથી. અત્યારે કાળ ઘણો જ બારીક છે. પરીક્ષકોની બહુ ખામી છે, બલકે સાચા પરીક્ષકો ક્યાંક જોવા મળે છે.

*

સિદ્ધનું સુખ ક્યાંય બહારથી નથી આવતું પણ આત્માનો સુખ નામનો ગુણ જે શક્તિરૂપે હતો તે જ પ્રગટ થાય છે. જેમ ચણાને અગ્નિમાં ભૂંજવાથી તેનો સ્વાદ અંદરથી પ્રગટે છે, તે સ્વાદ કાંઈ અગ્નિથી કે બહારમાંથી આવતો નથી પણ અંદરમાં ભર્યો પડ્યો હતો તે જ પ્રગટ્યો છે; તેમ આત્મા પણ જ્યારે આત્મવિચાર, આત્મ-ભાવના અને આત્મધ્યાનરૂપ અગ્નિમાં તપ્તાયમાન થાય છે ત્યારે તેને અંદરમાંથી જ પોતાનો આત્મગુણ પ્રગટ થાય છે. જે ઘણા કાળથી—અનાદિ કાળથી શક્તિરૂપે હતો તે જ પ્રગટ થાય છે. અને ચણાનો જેમ ફરી ઊગવાનો સ્વભાવ નાશ પામે છે તેમ

આત્માનો પણ ફરી જન્મ લેવાનો ભાવ ટળી જાય છે.

*

જેમ કોઈનો વારસો મેળવવો હોય તો તેના ખોળે બેસવું પડે, તેનો પુત્ર થવું પડે—કાંઈ બાપ થઈને વારસો લેવાય નહિ; તેમ શાસ્ત્રોમાં કહેલાં રહસ્ય પામવા માટે—યથાર્થ સમજવા માટે શાસ્ત્રને ખોળે બેસવું પડે, એટલે કે માન અને ગર્વ ભૂલી જઈને—કાંઈ પણ જાણું છું તેવા ખ્યાલોને તિલાંજલિ આપીને શાસ્ત્રમાં જ ઓતપ્રોત થઈ જવું જોઈએ. હાલતાં-ચાલતાં, ઊઠતાં-બેસતાં, સૂતાં, સ્વપ્નમાં કે નિદ્રામાં—ગમે તે સ્થિતિમાં પણ, જ્યારે સિદ્ધાંત સમજવાની લય લાગે ત્યારે તેમાં કહેલા ન્યાયો અંતર્ગત થાય તેમ છે—આત્મગત થાય તેમ છે. રોમરોમમાં જ્યારે સિદ્ધાંત વ્યાપી જશે ત્યારે તેમાં કહેલા ભાવો અનુસાર આત્મા પરિણમી જશે અને અનંતકાળમાં નહિ થયેલો તેવો અનુભવ થશે, અનંતકાળથી બંધ રહેલા આત્માના કમાડ ખૂલી જશે અને તેમાંથી અણમોલી વસ્તુ હસ્તગત થશે.

*

જેમ ખોરાક પર રુચિ ન થાય, ખોરાક ભાવે નહિ ત્યારે વૈદ્ય કહે છે કે પેટમાં બાદી છે, કાંઈક રોગ છે, તેમ જ્યાં સુધી વીતરાગનાં વચન પર રુચિ ન થાય, તેના પ્રત્યે ભાવ અને બહુમાન ન જાગે ત્યાં સુધી સમજવું કે હજી બાદી છે, હજી ભવરોગ છે, ચાર ગતિમાં ભ્રમણ કરવાનો ભવરોગ હજી તીવ્ર છે.

*

ભગવાન કહે છે કે જીવને પદાર્થનું જાણપણું નથી, તેના સ્વભાવનું જાણપણું નથી, તે કોઈના સ્વભાવને કોઈનો માને છે; જડને ચૈતન્ય અને ચૈતન્યને જડ માને છે; ચૈતન્યના સ્વભાવને, તેના ગુણને, તેની પર્યાયને જડના માને છે અને જડના ગુણ વગેરેને ચૈતન્યના માને છે. આમ અવળી—વિપરીત માન્યતાને લઈને જીવને અનાદિ કાળનું લાગેલું મિથ્યાત્વ ખસતું નથી.

*

સંસારના કોલાહલથી અને વિષયકષાયથી જ્યારે આત્મા નિવર્તે—શાંત થાય અને અંતર્લક્ષ કરી સમાધિભાવમાં આવે છે ત્યારે તેને અંદરથી એક અવાજ આવે છે—આત્મનાદ આવે છે અને તે આત્મનાદ તદ્દન સત્ય હોય છે. તે દશામાં થયેલો નિર્ણય કેવળીભગવાન પણ ફેરવી શકતા નથી. કેવળી જે પ્રત્યક્ષ દેખે છે તે આત્મનાદવાળો પરોક્ષ દેખે છે—એટલો જ એમાં ફેર છે.

*

સમકિત વિનાના જીવો હાલતાં ચાલતાં મડદાં છે. જેમ મડદાં આગળ કોઈ શાસ્ત્ર વાંચવા બેસે કે તેને ઉપદેશ આપે તો તેને તેનું ભાન નથી, તેમ મિથ્યાદૃષ્ટિઓ પણ મડદાંની માફક શાસ્ત્રનાં રહસ્યો પામી શકતા નથી.

*

સમ્યગ્દૃષ્ટિ તે જ ગુણી છે અને મિથ્યાદૃષ્ટિ તે અવગુણી. ભલે સમ્યગ્દૃષ્ટિ ઘરમાં રહેતો હોય, વેપાર કરતો હોય, બૈરાં-છોકરાં હોય છતાં તે ગુણી છે અને દ્રવ્યલિંગી મુનિ જંગલમાં રહેતો હોય, ઘરબાર ત્યાગ્યાં હોય, અગિયાર અંગ ભણીને તેનાં વ્યાખ્યાનો કરી સભાઓ રંજન કરતો હોય પણ મિથ્યાદૃષ્ટિ હોવાથી તે અવગુણી છે.

*

જીવો બિચારા, સમકિત વિનાના રાંકાઓ, બાલમરણે મરી મરીને હેરાન હેરાન થઈ રહ્યા છે. પંડિતમરણે મરવાનો વારો તેમને કદી આવ્યો નથી. અનંત અનંત વાર બાલમરણે મર્યા છતાં કદી પંડિતમરણ લાધ્યું નહિ. બબ્બે મહિનાનો સંથારો કરીને સૂતેલો હોય પણ જો સમકિત ન હોય તો બાલમરણ છે. માટે સમકિતનો પ્રયત્ન કરવો જોઈએ, કે જેથી અનંતકાળનાં બાલમરણ ટળે.

—o—

આ શરીરના ચાળા જુઓ! નિરોગ શરીર ક્ષણમાં રોગરૂપે પરિણમી જાય છે. શરીરના રજકણો જે કાળે જેમ થવાના હોય તેમ થવાના જ, એમાં કોણ ફેરફાર કરી શકે? શરીરના પરમાણુને કેમ રહેવું એનું તારે કામ શું છે? તારે કેમ રહેવું તેનું તું સંભાળને!

અરે પ્રભુ! તારું કદી મરણ જ થતું નથી ને કેમ ડરે છે? અતીન્દ્રિય આનંદમાં જા! પ્રભુ! તારે શરીર જ નથી ને રોગથી કેમ ડરે છે? જન્મ, જરા ને રોગ રહિત ભગવાન આત્મા છે ત્યાં જા!—એમ જિનવર, જિનવાણી અને ગુરુ કહે છે. તું જન્મ, જરા, મરણ રહિત પ્રભુ છો ત્યાં દૃષ્ટિ દે! તારે જન્મ, જરા, મરણ રહિત થવું હોય તો જન્મ, જરા, મરણ રહિત ભગવાન અંદર બિરાજે છે ત્યાં જા! ત્યાં દૃષ્ટિ દઈને ઠર!

—પૂજ્ય ગુરુદેવશ્રી

પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત, મુમુક્ષુઓના માનનીય નેતા, આત્માર્થી વડીલ

શ્રી વ્રજલાલભાઈ જેઠાલાલ શાહ (ઇજનેર) પ્રતિ

# ભાવભીની શ્રદ્ધાંજલિ

સમર્પક : બ્ર. ચન્દુભાઈ બી. ઝોબાળિયા

માનનીય મુરબ્બી શ્રી વ્રજલાલભાઈના ચિરવિયોગપ્રસંગે, તેમના પ્રતિ શ્રદ્ધાંજલિરૂપે, 'બે શબ્દ' બોલવા માટે ખરેખર હૃદય કામ કરતું નથી. વ્રજલાલભાઈની તો શી વાત! એ તો આપણા સૌ પર અમૂલું વાત્સલ્ય વરસાવનાર આપણા હિતેચ્છુ હતા.

હમણાં જ આપણે વૈરાગ્યભક્તિમાં ગાયું ને!—

"સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;"

સર્વજ્ઞનો ધર્મ કહો કે જ્ઞાયકનો મર્મ કહો—બધું કૃપાળુ કહાનગુરુદેવે આપ્યું છે. ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી વારંવાર કહે છે કે 'જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો છે.' મુરબ્બી શ્રી વજુભાઈના માધ્યમથી સંપન્ન થયેલા કોઈ ભક્તિકાર્યના સુઅવસરે અમે પ્રમોદ વ્યક્ત કરવા જતા ત્યારે તેઓ અતિ નમ્રતા સહ ભાવપૂર્વક કહેતા : આમાં આપણું કાંઈ નથી, એ બધો પ્રતાપ કૃપાળુ ગુરુદેવ અને બહેનશ્રીનો છે.

'જ્ઞાયક'નો યુગ પ્રવર્તાવનાર એવા આપણા પરમ તારણહાર કૃપાળુ કહાન ગુરુદેવના સત્સમાગમનો તેમ જ તેના દ્વારા જ્ઞાયકનું લક્ષ બાંધવાનો 'બડો આનંદ' માણવાનું જેમને જીવન વિષે ચોપન ચોપન વર્ષ સુધી મહાન સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, તે શ્રી વ્રજલાલભાઈ ગુરુપ્રસાદથી પ્રાપ્ત અધ્યાત્મસંસ્કારો સાધીને તેમ જ લઈને ગયા, પણ સાથે સાથે આપણા માટે પણ વિવિધ ભવ્ય જિનાયતનો વગેરે ઘણું કરી ગયા.

વજુભાઈને નાની ઉંમરથી ધર્મનો સારો પ્રેમ હતો. 'નિશાળેથી નીસરી, જવું પાંસરું ઘેર'—એ કાવ્યપંક્તિ પ્રમાણે, ક્યાંય રોકાયા વિના એ સીધા નિશાળેથી ઘરે આવે, ઊમરેથી ઘરમાં દફતરનો ઘા કરીને કહે 'બા! હું ઉપાશ્રયે જાઉં છું'. ઉપાશ્રયે જઈને, પહેલેથી ધર્મનો પ્રેમ એટલે, કોઈ સાધુમહારાજ હોય તેમની પાસે જઈને ચોવીસ ઠાણાં, ગતિ–આગતિના બોલ ઇત્યાદિ થોકડા અને સૂત્રની ગાથાઓ વગેરે શીખે; રોજ સામાયિક–પ્રતિક્રમણ પણ કરે.

વિ. સં. ૧૯૮૨માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ વઢવાણમાં હતું. વજુભાઈ ઇજનેરની

પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગયા હતા; છ મહિના સુધી ઇજનેરની નોકરી નહિ મળવાથી તેમને પૂજ્ય ગુરુદેવનાં અધ્યાત્મરસભર્યાં વ્યાખ્યાનો સાંભળવાનો સુવર્ણ-અવસર મળ્યો. અમદાવાદની કૉલેજમાં અભ્યાસ કરતા પોતાના નાના ભાઈને—આપણા આદરણીય પંડિત શ્રી હિંમતભાઈને—પત્ર દ્વારા વજુભાઈ અવારનવાર લખતા : ભાઈ હિંમત! આ વર્ષે અહીં બોટાદ-સંઘાડાના કાનજીમુનિનું ચોમાસું છે. વ્યાખ્યાન ગમે તે શાસ્ત્રમાંથી ને ગમે તે વિષય ઉપર આપતા હોય, પરંતુ દરેક વ્યાખ્યાનની શરૂઆતમાં વીસ-પચ્ચીસ મિનિટ સુધી તેઓ સમકિતનો કોઈ અદ્ભુત અને અનેરો મહિમા બતાવે છે. આપણે માનતા હતા કે—'અરિહંત ભગવાન અને જૈન ધર્મ સાચા છે' એટલી શ્રદ્ધા કરી લેવી તે સમકિત છે, અને રોજ એક-બે સામાયિક કે આઠમ-પાખીના ઉપવાસ કરી લીધા એટલે થઈ ગયું શ્રાવકપણું—પાંચમું ગુણઠાણું. પરંતુ આ મહારાજ એને સમકિત કે શ્રાવકપણું કહેતા નથી. એ તો કોઈ જુદી જ વાત કરે છે! તેઓશ્રી કહે છે કે—સમ્યગ્દર્શન એ તો કોઈ અદ્ભુત ચીજ છે! ચામડાં ઊતરડીને ખાર છાંટનાર ઉપર લાલ આંખ પણ ન કરે એવા દુર્ધર ઉગ્ર વ્યવહારચારિત્રનું અનંત વાર પાલન કર્યું, છતાં આ જીવે અનાદિકાળથી સમ્યગ્દર્શન એટલે કે નિજ શુદ્ધાત્મદર્શન એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી. અરે! સમ્યગ્દર્શન અર્થાત્ સ્વાનુભૂતિ પ્રગટ થતાં તો સિદ્ધ-ભગવાનના અતીન્દ્રિય આનંદનો નમૂનો પ્રાપ્ત થાય છે. તે આનંદ, સિદ્ધભગવાનના આનંદના અનંતમા ભાગે હોવા છતાં, અનંત છે. પોતાને સમકિતના મહિમામાં રસ પડ્યો હોવાથી, વજુભાઈ આવા અનેક પત્રો હિંમતભાઈને લખતા. તદુપરાન્ત તેઓ મહારાજશ્રીનાં વ્યાખ્યાનોનો સારાંશ પોતાની હાથનોંધમાં લખી લેતા અને તેમાંથી સમ્યગ્દર્શનનો મહિમા અને તત્ત્વજ્ઞાનના બીજા અનેક મહત્ત્વપૂર્ણ વિષયોનો સારરૂપ ભાગ 'જૈનપત્રો'માં આપતા.

ચોમાસું પૂરું થયું. કૃપાળુ ગુરુદેવના વિહારનો પ્રસંગ આવ્યો. વિનયથી ગળગળા હૃદયે વજુભાઈ ગુરુદેવને પૂછે છે કે—સાહેબ! આપ તો પધારો છો, આપના સત્સમાગમના, આપની વાણીના વિયોગમાં અમારે ધર્મનું કયું પુસ્તક વાંચવું? ગુરુદેવે કહ્યું : 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તક વાંચજો. એ રીતે પૂજ્ય ગુરુદેવની આજ્ઞા પ્રમાણે 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તકના સ્વાધ્યાયમાં વજુભાઈનો પ્રવેશ થયો. કૉલેજની રજાઓમાં વઢવાણ આવે ત્યારે પં. હિંમતભાઈ પણ વાંચતા.

એ રીતે ઊગતી જુવાનીમાં, પૂજ્ય ગુરુદેવના પ્રતાપે, વજુભાઈના હૃદયને વિષે સમ્યક્ત્વનાં અનુપમ મૂલ્યો અને તેના મહિમાના સંસ્કારો ઘર કરી ગયેલા. આમ તો પૂજ્ય ગુરુદેવનાં વ્યાખ્યાનો સાંભળતાં વજુભાઈ, હિંમતભાઈ તથા બહેનશ્રી ચંપાબેન-

ત્રણેય ખૂબ જ પ્રભાવિત થયાં હતાં. તેઓ અંદરોઅંદર વ્યાખ્યાનમાં આવેલા અધ્યાત્મ-વિષયોની ચર્ચા પણ ખૂબ રસપૂર્વક કરતા. તેમને અંતરમાં સચોટ પ્રતીતિ થઈ ગઈ હતી કે—આ મહારાજશ્રી ખરેખર મહાપુરુષ છે, તેમની વાણીમાં આધ્યાત્મિક સત્યનો રણકાર કોઈ અસાધારણ છે, તેઓશ્રી જે કાંઈ કહે છે તે તેમના અંતરમાંથી સહજ આવે છે.

શ્રી વજુભાઈમાં નાનપણથી જે ધાર્મિક સંસ્કાર હતા અને સતેજ બુદ્ધિ હતી તે ખ્યાલમાં લેવા માટે અમુક હકીકતો જાણવાયોગ્ય છે :—તેમણે 'પુચ્છિસુણં'—એ ૨૯ કડીનું માગધી ભાષામાં પ્રણીત 'વીરસ્તવન' નાની ઉંમરમાં, માત્ર એક દિવસમાં, કંઠસ્થ કરેલું; ૧૩–૧૪ વર્ષની ઉંમરે આખું 'દશવૈકાલિક' સૂત્ર મુખપાઠ કર્યું હતું; અને નવ તત્ત્વ, ગતિ–આગતિના બોલ વગેરે અનેક 'થોકડા' પણ તેઓ શીખેલા. અખિલ કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ તરફથી લેવાતી પરીક્ષામાં તેઓ બીજે નંબરે ઉત્તીર્ણ થયેલા અને તે બદલ તેમને પ્રમાણપત્ર તથા ઇનામ પ્રાપ્ત થયેલાં.

શ્રી વજુભાઈનો અધ્યાત્મ–અભ્યાસમાં પ્રવેશ પૂજ્ય ગુરુદેવની આજ્ઞા પ્રમાણે 'શ્રીમદ્ રાજચંદ્ર' પુસ્તકના વાંચન દ્વારા થયો. પંડિત હિંમતભાઈ કોલેજની રજાઓમાં વઢવાણ આવતા ત્યારે તેઓ પણ 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચતા.

ધર્મના સંસ્કારથી રંગાયેલા વજુભાઈ ઉત્તરોત્તર ગુરુદેવના પરિચયમાં વિશેષ વિશેષ આવતા ગયા. વિચારશક્તિ સારી, શાસ્ત્રવાંચનનો પ્રેમ પણ સારો. જ્યારથી 'દિગંબર જૈન ધર્મ જ સનાતન સત્ય છે' એવું પૂજ્ય ગુરુદેવના પ્રતાપે મુમુક્ષુ-જગતમાં પ્રસિદ્ધ થયું ત્યારથી તેમણે અનેક દિગંબર જૈન શાસ્ત્રોનો વિચારપૂર્વક ઘણો અભ્યાસ કર્યો ને યથાશક્તિ આત્માનું હિત કર્યું.

જ્યારે પંડિત શ્રી હિંમતભાઈ સમયસારની ગાથાઓનો હરિગીત છંદમાં પદ્યાનુવાદ કરતા હતા ત્યારે વજુભાઈને પણ હરિગીત બનાવવાની સ્વયંસ્ફુરિત પ્રેરણા જાગી. પોતે ઇજનેરી નોકરીની ફરજ ઉપર ટપ્પામાં બેસી ગામડે જાય ત્યારે સમયસાર અને ડાયરી સાથે રાખતા, અને રસ્તામાં મૂળ ગાથાના ભાવો વિચારતાં વિચારતાં તેમને હરિગીતમાં ગોઠવી ડાયરીમાં લખી લેતા હતા.

સમયસાર, પ્રવચનસાર વગેરે અધ્યાત્મશાસ્ત્રોનો તો તેમણે સમજપૂર્વક ઊંડો અભ્યાસ કરેલો, પણ તદુપરાંત 'ધવલા'ના અનેક ભાગ, આદિપુરાણ વગેરે અન્ય અનુયોગનાં શાસ્ત્રો પણ ઝીણવટથી વાંચેલાં.

શ્રી વજુભાઈ વાંકાનેરમાં હતા ત્યાં સુધી ત્યાંના દિગંબર જિનમંદિરમાં શાસ્ત્રપ્રવચન પણ આપતા. તેમની તત્ત્વસ્પર્શી અને રોચક પ્રવચનશૈલી શ્રોતાઓને ખૂબ ગમતી.

આવા ધાર્મિક સંસ્કાર, આવો વિશાળ શાસ્ત્રાભ્યાસ, આવી અધ્યાત્મતત્ત્વની રુચિ અને દેવગુરુની ભક્તિ હોવા છતાં તેમણે પોતાના જીવનનું ધર્મરસમય આંતરિક પાસું આપણાથી ગુપ્ત રાખ્યું હતું. હા, આપણને તેમનાં દર્શન થયાં—પણ, કલાપૂર્ણ ભવ્ય જિનાયતનોના નિર્માતા કુશળ 'ઇજનેર'રૂપે, અથવા તો સંસ્થાના સ્તંભોપમ દક્ષ સંચાલક તરીકે. પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સુવર્ણપુરીને ભારતવર્ષના અદ્વિતીય 'તીર્થ'રૂપે સાકાર કરવામાં પોતાની ઇજનેરી વિદ્યા દ્વારા અત્યંત નિસ્પૃહપણે—માન, મોટપ, પ્રસિદ્ધિ ને પુરસ્કારથી દૂર રહીને—ઉલ્લસિત ભાવે તેમણે જે હાર્દિક સહયોગ આપ્યો તે એમનો દેવગુરુ પ્રત્યે અનન્ય ભકિતભાવ હતો. એમનું હૃદય બહારમાં દેવગુરુની ભકિતથી અને અંદરમાં 'જ્ઞાયક'ના સંસ્કારથી રંગાયેલું હતું.

સ્વાધ્યાયમંદિરના ઉદ્ઘાટનપ્રસંગે કે ત્યાર બાદ ટ્રસ્ટના પ્રમુખ શ્રી રામજીભાઈએ કહ્યું: વજુભાઈ! આવા ભવ્ય નિર્માણકાર્ય માટે ટ્રસ્ટ તમને અભિનંદનપત્ર ને સારો પુરસ્કાર દેવાનું વિચારે છે. સાંભળતાં જ વજુભાઈએ મોઢું બગાડીને વજ્ર જેવી અતિ દૃઢતાથી ના પાડીને કહ્યું: મુરબ્બી રામજીભાઈ! તમારો પુત્ર તમારા ઘરનું કોઈ સારું કામ કરે તો શું તમે તેને અભિનંદનપત્ર કે પુરસ્કાર આપશો? અભિનંદન વગેરે તો બીજાને અપાય છે, ઘરનાને નહિ. તો શું તમે મને તમારાથી બીજો—બહારનો સમજો છો? પોતાનો નથી સમજતા ને? વજુભાઈની નારાજી તથા નિસ્પૃહતાભરી ને દેવગુરુભક્તિભીની દૃઢતા જોઈને મુરબ્બી શ્રી રામજીભાઈ પછી કદી, આટલાં અદ્વિતીય ભવ્ય જિનાયતનોનું શ્રી વ્રજલાલભાઈ દ્વારા નિર્માણકાર્ય થવા છતાં, અભિનંદનપત્ર વગેરે દેવાની વાત ઉચ્ચારી શકયા નહોતા.

શ્રી વજુભાઈના જીવનમાં ગામે ગામનાં મંદિરનિર્માણના, પ્રતિષ્ઠામહોત્સવોના, તીર્થયાત્રાના અને એવા બીજા અનેક વિવિધ સુવર્ણપ્રસંગો છે કે જે બધા અત્યારે કહી શકાય નહિ. સંક્ષેપમાં કહેવાનું એટલું કે—કૃપાળુ ગુરુદેવશ્રીની તીર્થભૂમિ ઉપર નજર નાખતાં, તે ભવ્ય જિનાયતનોના કણે કણે વજુભાઈની દેવગુરુ-ભક્તિભીની હાર્દિક સેવાનાં દર્શન થાય છે.

આપણે સાંભળ્યું છે ને ઇતિહાસમાં વાંચ્યું પણ છે કે મોટા રાજાઓના દરબારમાં વિદ્વદ્રત્ન, કવિરત્ન વગેરે અનેક પ્રકારનાં નરરત્નો હોય છે. અરે! તીર્થંકર-દરબારમાં પણ ગણધરરત્ન, ચક્રીરત્ન વગેરે રત્નો હોય છે; તેમ ધર્મરાજા કહાનગુરુ-દેવના દરબારમાં પણ રત્નો હતાં. અહો! એ ગણધરતુલ્ય અનુભવરત્ન ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની તો વાત જ શી કરવી! પરંતુ વ્યવસ્થાપકરત્ન ધીમાન મુરબ્બી શ્રી રામજીભાઈ દોશી, અમીર શ્રેષ્ઠિરત્ન મુરબ્બી શ્રી નાનાલાલભાઈ જસાણી અને

અધ્યાત્મરંગથી રંગાયેલ વિદ્વદ્રત્ન આદરણીય પંડિત શ્રી હિંમતલાલભાઈની જેમ મુરબ્બી આત્માર્થી શ્રી વ્રજલાલભાઈ પણ કહાનગુરુદેવના દરબારનું એક વિશિષ્ટ રત્ન હતા.

માનસ્તંભ અને પરમાગમમંદિરના નિર્માણ વખતે, ભારતવર્ષમાં અનેક સ્થળે અન્યનાં મંદિરો જોઈ, તેમાંથી કલાપૂર્ણ જુદા જુદા અંશોનું સંયોજન કરી તેમણે પૂજ્ય ગુરુદેવની તપોભૂમિને એક અસાધારણ દર્શનીય ભવ્ય 'તીર્થ' બનાવી દીધું. પરશુરામ પોટરીવાળા કલાપ્રેમી શ્રી મહાદેવભાઈએ, કે જેઓ દેશવિદેશમાં ખૂબ ફરેલા અને ઘણું જોયેલું તેમણે, પૂજ્ય ગુરુદેવનાં દર્શન કરવા આવેલા ત્યારે, કહેલું : "મહારાજશ્રી! આ પરમાગમમંદિર વજુભાઈનું એક ઘણું જ સુંદર કલાપૂર્ણ કાર્ય છે. હું દુનિયામાં ઘણે ઠેકાણે ગયો છું, ઘણું જોયું છે, છતાં મને વજુભાઈનું આ કાર્ય 'અજાયબી' જેવું લાગે છે; ખરેખર આ તેમનું Masterpiece (ઉત્તમોત્તમ કાર્ય) છે." નવનિર્મિત પંચમેરુનંદીશ્વરજિનાલય પણ તેમનું એવું જ ભવ્ય નિર્માણ છે. અહો! આ ગગનચુંબી, ધવલ-મંગલ-ગાનરવાકુલ તેમ જ મનમોહક ભવ્ય જિનાયતનો જે દેવગુરુભક્તિભીની સેવાનાં મધુરાં ગીત હજારો વર્ષ સુધી ગાયા કરશે એ બહુમૂલી સેવાભક્તિ કોની?—આત્માર્થી શ્રી વ્રજલાલભાઈની.

જોકે આ બધાં કાર્યોના મૂળમાં પરમપૂજ્ય ગુરુદેવશ્રીની તેમ જ પૂજ્ય ભગવતીમાતાની પવિત્રતાનો તથા લોકોત્તર પુણ્યનો જ પ્રભાવ રહેલો છે, તોપણ તેમાં વજુભાઈનો સહયોગ મહાન છે. એમણે જે ખંતથી સેવા આપીને સોનગઢને ભારતવર્ષના નકશામાં એક ભવ્ય 'તીર્થ' તરીકે ઉપસાવી દીધું છે, એ મંગળ કાર્ય આપણને ચિરકાળ સુધી વજુભાઈની યાદી આપતું રહેશે. વજુભાઈ પોતાના આત્માનું—જ્ઞાયકની રુચિ અને દેવગુરુની ભક્તિનું—કામ તો કરી ગયા, પણ સાથે સાથે આપણા માટે પણ તેઓ ઘણું કરી ગયા.

વજુભાઈ છેલ્લાં વીસ વર્ષથી સોનગઢમાં, પૂજ્ય ગુરુદેવશ્રીના સતત સમાગમ-અર્થે, સ્થાયી થયા. તેઓ સવારે ચાર વાગ્યે ઊઠે, ઊઠીને સર્વપ્રથમ ચિંતનપૂર્વક શાસ્ત્રસ્વાધ્યાય કરે, પછી જિનેન્દ્રભગવાનનાં તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન કરવા જાય, પછી પોતાના લઘુ ભ્રાતા પંડિત શ્રી હિંમતભાઈ પાસે જઈને પોતાનાં નાનાં બહેન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી પાસે જાય.—એ એમનો નિયમિત ક્રમ હતો. પ્રતિદિન પૂજ્ય ગુરુદેવશ્રીનાં બે પ્રવચનો, સાંયકાળની તત્ત્વચર્ચા ધ્યાનપૂર્વક સાંભળે અને તદુપરાન્ત પોતાના શાસ્ત્રસ્વાધ્યાય માટે બીજો સમય પણ થોડો કાઢી લેતા.

મુરબ્બી વજુભાઈમાં પરસ્પર વિરુદ્ધ લાગે એવી બે વિશેષતાઓ હતી —તેઓ

વજ્રથી પણ કઠોર અને કુસુમથી પણ કોમળ હતા. સૈદ્ધાન્તિક બાબતમાં વજુભાઈની, વજ્રથી પણ અધિક, કઠોરતાનાં દર્શન થતાં; અને જ્યારે મુમુક્ષુઓ પર વાત્સલ્ય વરસાવતા હોય, સ્નેહભીનો મીઠો આવકાર કે હિતકારી સલાહ-સૂચના આપતા હોય ત્યારે તેઓ કુસુમથી પણ અધિક કોમળ અનુભવાતા. વજુભાઈનું ઘર એટલે મુમુક્ષુઓ માટેનો ચોરો. બધાનો આદર-સત્કાર તેઓ ખૂબ પ્રેમથી કરે. ગુરુદેવના ધામમાં આવીને સૌ ધર્મના સંસ્કાર પામે—એ જ એમની ભાવના. ખરેખર, તેમણે મુમુક્ષુઓ પર પ્રેમ ખૂબ ઠાલવ્યો હતો.

જેમની મતિ જીવનભર અધ્યાત્મના સંસ્કારથી રંગાયેલી હતી, જેમણે આજીવન દેવગુરુધર્મની સેવા કરી અને અર્ધ શતાબ્દિ જેટલા દીર્ઘ કાળ સુધી પૂજ્ય ગુરુદેવના સત્સમાગમના અનુપમ લાભનો 'બડો આનંદ' લીધો, જેમના કુળમાં સ્વાનુભવવિભૂષિત ભગવતીમાતા જેવું 'ધર્મરત્ન' પાક્યું અને તેથી જેઓ તેમના આત્માર્થપ્રેરક સુસમાગમનો અમૂલ્ય લાભ પ્રતિદિન ત્રણ વાર ઉલ્લસિત ભાવે નિયમિત લેતા, એવા શ્રી વ્રજલાલભાઈના જીવનના છેલ્લા દિવસો આપણે પ્રત્યક્ષ જોયા.—પૂજ્ય માતાજી વજુભાઈના ઘરે દરરોજ ત્રણ વાર પધારે ને જ્ઞાયકના ઘૂંટણનું વાતાવરણ જામે. વજુભાઈ અંતરના ભાવથી કહે: જીવનમાં 'જ્ઞાયક'નું જ કરવાનું છે ને! બાકી બીજું બધું ધૂળધાણી છે; બહારના 'બુદ્ધા'નું (બુદ્ધિનું) શું કામ છે? તેની શી કિંમત છે? અંતરમાં જેને 'જ્ઞાયક' મળ્યો તેને બધું પ્રાપ્ત થઈ ગયું.—ઇત્યાદિ અનેક પ્રકારે તેમના અંતિમ દિવસો ધર્મની જાગ્રતિમાં વ્યતીત થયા.

પ્રસંગોપાત્ત વજુભાઈ યાત્રા, પંચકલ્યાણક, ગુરુદેવના નિમિત્તે થયેલ ધર્મ-પ્રભાવના વગેરેના આનંદની વાત કરતા હતા ત્યારે પૂજ્ય બહેનશ્રીએ કહ્યું: ભાઈ! દેવશાસ્ત્રગુરુની ભક્તિ તથા ઉલ્લાસ સાથે જ્ઞાયકનું લક્ષ રાખો છો ને? વજુભાઈએ નમ્રતાથી છતાં દૃઢતાથી કહ્યું: બેન! સો ટકા તો કેમ કહેવાય, પણ યથાશક્તિ બરાબર લક્ષ રાખું છું.

એક વાર કોઈ વાતના અનુસંધાનમાં વજુભાઈએ કહ્યું: બેન! મને નથી કોઈ અબળખા, નથી કોઈ વળગણ કે નથી કોઈ આકુળતા; મને સર્વપ્રકારે શાન્તિ છે.

છેલ્લા દિવસે પ્રમોદમાં આવી જતાં વજુભાઈએ કહ્યું: બેન! ગુરુદેવના પ્રતાપે પચાસ વર્ષ 'બડો આનંદ' આવ્યો છે, ગુરુદેવે તો ન્યાલ કરી દીધા છે.

પૂજ્ય બહેનશ્રીએ કહ્યું: હા, ગુરુદેવે તો મોક્ષનો યથાર્થ માર્ગ બતાવી બધાને ન્યાલ કર્યા છે.

વજુભાઈએ કહ્યું: હા, ગુરુદેવે ન્યાલ કર્યા છે અને તમે પણ ન્યાલ કરી દીધા છે.

ત્યાર પછી પૂજ્ય બહેનશ્રીએ 'માંગળિક' સંભળાવ્યું. તેમાં જ્યારે છેલ્લે 'મનવાંછિત ફળ દાતાર' શબ્દો આવ્યા ત્યારે શ્રી વજુભાઈ સહજ પ્રસન્નતાથી બોલ્યા—'આપણને તો જીવનમાં બધાં મનવાંછિત ફળ જ મળ્યાં છે'. જ્યારે તેઓ મોટરમાં બેસીને બધાં મંદિરોનાં દર્શન કરવા માટે નીકળ્યા ત્યારે તેમની અતિ પ્રિય ટેઇપ—'મૈં હી પરમાત્મા હૂં ઐસા નક્કી કર, મૈં હી પરમાત્મા હૂં ઐસા નિર્ણય કર, મૈં હી પરમાત્મા હૂં ઐસા અનુભવ કર' એવી સિંહગર્જનાવાળી પ્રવચન ટેઇપ—મોટરમાં વાગતી હતી અને વજુભાઈ તેના ભાવને હૃદયમાં ઝીલીને, આંગળી હલાવી ટેઇપના ભાવ સાથે તાલ મિલાવીને, હૃદયની અતિ પ્રસન્નતા વ્યક્ત કરતા હતા; અને પછી પ્રસન્નહૃદયે બધા જિનેન્દ્રભગવંતોનાં ભક્તિભાવ સહિત દર્શન કર્યાં હતાં, જેને સમસ્ત મુમુક્ષુસમાજ સાનંદાશ્ચર્ય જોઈ રહ્યો હતો.

—આ બધી વાતો તેમના છેલ્લા પરિણામની ધારા બતાવે છે.

જ્ઞાયકના સંસ્કાર અને દેવગુરુની ભક્તિ જેમના જીવનની મહામૂલી ઉપલબ્ધિ હતી એવા શાન્તપરિણામી આત્માર્થી વડીલ શ્રી વ્રજલાલભાઈએ આપણી વચ્ચેથી ચિરવિદાય લીધી. દિવંગત આત્મા પ્રાપ્ત કરેલા ઉજ્જવળ સંસ્કારનું અનુસંધાન સાંધી શીઘ્ર પૂર્ણ પરમાનંદદશાને પ્રાપ્ત થાઓ—એવી તેમના પ્રત્યે ભાવભીની શ્રદ્ધાંજલિ સમર્પિત કરું છું. આ વૈરાગ્યપ્રસંગે સ્વર્ગસ્થ વજુભાઈને ભાવભીનાં વંદન. —०—

## * શરણદાતા કોણ? નિજ શુદ્ધાત્મા *

દેહધારી મોહી જીવને, વર્તમાન ગતિનું આયુષ્ય પૂર્ણ થતાં, દેહના વિયોગરૂપ મરણ તો અવશ્ય આવવાનું છે; તે વખતે શરીર, ઇન્દ્રિયો; વાણી, મન, સ્ત્રી, પુત્ર, પરિવાર વગેરે બધુંય છૂટી જશે. પૂર્વભવમાંથી, પ્રારબ્ધ અનુસાર, એકલો જ આવ્યો હતો અને હવેના ભવમાં, ઉપાર્જિત પ્રારબ્ધ અનુસાર, એકલો જ ચાલ્યો જશે. તેને, જન્મ-મરણના પ્રકારોમાં, કોઈનો સાથ-સથવારો નથી; મરણકાળે અહીંનું બધુંય છૂટી જશે; માત્ર બાંધેલાં કર્મ, તેનું ફળ આપવા માટે, સાથે જશે.

આ સંસારને વિષે જ્યાં સંયોગમાત્ર બધુંય ક્ષણિક છે ત્યાં તને કોણ શરણ આપશે બાપુ? શરણ કોણ આપી શકે? જે સ્વયં શાશ્વત, સ્વભાવભૂત ને સુખરૂપ હોય તે શરણ આપે. જો તેં સ્વતઃસિદ્ધ, શાશ્વત ને સ્વયંરક્ષિત ત્રિકાળશુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ આત્માની અંતરમાં સાચી સમજણ, શ્રદ્ધા ને અનુભૂતિ કરી આત્માની આરાધના કરી હશે, જ્ઞાયકમાંથી સાચી શાન્તિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે. —પૂજ્ય ગુરુદેવશ્રી

'મોટા મામા' શ્રી વ્રજલાલભાઈ જે. શાહ પ્રત્યે

# ગુણાનુવાદભીની શ્રદ્ધાંજલિ

—સમર્પક: શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ, દહેગામ

અહીંનો આપણો આખો સમાજ જેમને 'મોટા મામા'ના મીઠા સંબોધનથી બોલાવતો હતો તથા કાંઈ પણ મૂંઝવણ થાય ત્યારે સાચી સલાહ મેળવવા જેમની પાસે આપણે દોડી જતા હતા એવા 'મોટા મામા' મુરબ્બી શ્રી વ્રજલાલભાઈએ આપણા સૌથી ચિરવિદાય લીધી, ક્ષેત્રથી દૂર ચાલ્યા ગયા.

તેમના વ્યક્તિત્વનાં અનેક પાસાં હતાં, અને તેથી જ ઘણો ઓછો સમુદાય તેમને—તેમનાં સર્વ પાસાંને—યથાર્થપણે ઓળખી શક્યો હતો. મારી પણ એ જ પરિસ્થિતિ રહી હતી; અને તેથી જ મામાનો આ અમુક અભિપ્રાય બરાબર નથી એમ કોઈ વાર મને પણ અગાઉ લાગતું.

નાનપણથી જ તેમનામાં ધાર્મિક સંસ્કાર તેમ જ ધર્મની રુચિ હતી. અને તેથી તેમણે ધર્મનો સારો અભ્યાસ પણ કર્યો હતો. પરીક્ષકબુદ્ધિ નાનપણથી તેજ હતી. તેવીસ વર્ષની ઉંમરે પૂજ્ય ગુરુદેવશ્રીને સાચા સંત તરીકે, 'બીજા મહારાજો કરતાં આ કંઈક જુદું જ કહે છે'—એ રીતે ઓળખી, પોતાના નાના ભાઈને (પંડિતજીને) પત્ર લખેલો કે 'પૂજ્ય કાનજીમહારાજનો પરિચય ખાસ કરવા જેવો છે; તેઓશ્રી સમકિતનું સ્વરૂપ કોઈ જુદું જ બતાવે છે અને તે જ યથાર્થ છે તેમ મને લાગે છે.'

મોટા મામા ઉલ્લસિત વીર્યવાળા હતા. છેલ્લી માંદગી વખતે પણ કોઈ પૂછે કે 'વજુભાઈ! કેમ છે?' તો 'તદ્દન સારું છે, મને તો કાંઈ નથી' એમ જ બોલતા. છેલ્લે દિવસે પૂજ્ય ભગવતીમાતાએ પૂછ્યું કે 'ભાઈ! કેમ છે?' તો તેમણે કહ્યું: 'આજ તો બડો આનંદ છે.'

મુરબ્બી મામાને, છેલ્લા આઠ દિવસ તેમના ઘરે દરરોજ ત્રણ ત્રણ વખત, પૂજ્ય માતાજીનો જે યોગ બનતો તે તેમની ધર્મભાવના, ઉલ્લસિત પરિણામ અને ધાર્મિક મહાભાગ્ય બતાવે છે. સ્વર્ગવાસ પછી તેમના ચહેરા ઉપર જે સૌમ્યતા આપણે બધાએ જોઈ છે તે પણ તેમના અંતિમ પરિણામનો સંકેત કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી અનેક વાર કહેતા કે 'આત્મજ્ઞાન તે જ સાચું જ્ઞાન છે અને દેશનાલબ્ધિનું નિમિત્ત માત્ર જ્ઞાની જ બની શકે છે.' આમ છતાં ગુરુદેવના સ્વર્ગવાસ બાદ જ્યારે એક મોટું વાવાઝોડું આવ્યું અને સમાજનો કેટલોક વર્ગ, ક્ષયોપશમજ્ઞાન

તેમ જ વાણીની મીઠાશમાં તણાઈ ને, અન્ય માર્ગે દોરવાતો દેખાયો, ત્યારે મામા ખેદપૂર્વક અમારી વચ્ચે સાચું જ કહેતા કે 'આપણા લોકોમાં બુદ્ધિમત્તા જ ઘટી ગઈ છે, સાચી વસ્તુસ્થિતિ સમજી શકતા નથી.'

આ સ્થિતિમાં કોઈ પણ પ્રકારની નિંદા કે માનહાનિ (અપમાનો) ને ગણ્યા વિના પૂજ્ય માતાજીની ને સોનગઢ-સંસ્થાની પડખે, પૂજ્ય માતાજીના એક ભાઈ તરીકે નહિ પણ સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની અંતરની લાગણીથી, મામા અડીખમ ઊભા રહ્યા તે તેમની અસાધારણ હિંમત, વિચક્ષણતા અને ઊંડી ધર્મભાવના બતાવે છે.

આજે પૂજ્ય ગુરુદેવશ્રીનું શાસન પૂજ્ય માતાજીના માધ્યમ દ્વારા ખૂબ શાન્તિથી ચાલી રહ્યું છે, જેનો આપણે સૌ લાભ લઈ રહ્યા છીએ, તેનું બધું શ્રેય મામાને જ જાય છે. એવી જ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય માતાજી તથા સોનગઢ-ક્ષેત્ર પ્રત્યે અર્પણતા ધરાવનારા મુમુક્ષુ વર્ગમાં—કલ્યાણાર્થી સમાજમાં જે કાંઈ વૃદ્ધિ થઈ રહી છે તેમાં પણ મુરબ્બી મામાનો જ મોટો ફાળો છે.

છેલ્લે, તેમની હયાતીમાં આપણે જો તેમના સદ્ગુણોને યથાર્થપણે ન જોઈ શકયા હોઈએ તો આજે તેમની ગેરહાજરીમાં પણ તેમની દેવશાસ્ત્રગુરુ પ્રત્યેની તથા સંસ્થા પ્રત્યેની સર્વ અર્પણતાને લક્ષમાં લઈ તેમની જેમ આપણે પણ તેવી જ અર્પણતા કરતા શીખીએ અને સંસ્થા દિવસે દિવસે જે રીતે વધારે પ્રગતિશીલ થાય તે રીતે તેના કાર્યમાં સાથ આપીએ; અને તો જ તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પી કહેવાય.

અંતમાં—તેમનો આત્મા શીઘ્ર દેવ-ગુરુના શરણે આત્મસાધના કરી પૂર્ણતાને પામો એ જ ભાવના.

—૦—

[ વિનમ્રભાવે શ્રદ્ધાંજલિ....પૃષ્ઠ ૧૮ થી ચાલુ ]

કર્યાં છે તે બધાં પ્રસિદ્ધ છે. બુદ્ધિકૌશલ્ય ને કુનેહથી બધાં કામ પાર પાડવામાં તેઓ અસાધારણ હતા; તે આપણને તેમના પ્રત્યે માન ઉપજાવે તેવો વિષય છે.

છેલ્લે—સત્પુરુષોએ અને સત્શાસ્ત્રોએ ઠામ ઠામ જે સત્સંગનો મહિમા ગાયો છે તે સત્સંગ તેમને બહુ સુલભપણે ઉપલબ્ધ હતો. તેમના જીવનના ને છેવટના જે પરિણામ છે તે, તેઓ પામ્યા ગુરુદેવના ને બહેનશ્રીના પ્રતાપથી. તેમના પરિણામોની વાતો સાંભળતાં મને થયું કે—શાસ્ત્રોમાં જેને અમૃત કહ્યું છે તે સત્સમાગમ ખરેખર કોઈ અવર્ણનીય છે!

સ્વર્ગસ્થ આત્મા સત્સમાગમના ફળને—આત્મજ્ઞાનને ને અનુક્રમે મોક્ષને—શીઘ્ર પામો;—એ જ વિનમ્રભાવે શ્રદ્ધાંજલિ.

—૦—

સંસ્થાના સજગ સંત્રી મુરબ્બી શ્રી વ્રજલાલભાઈ જે. શાહ પ્રત્યે

# વિનમ્રભાવે શ્રદ્ધાંજલિ

—સમર્પક : શ્રી શશિકાન્તભાઈ એમ. શેઠ, ભાવનગર

પૂજ્ય વજુમામાની ચિરવિદાય સંસ્થા અને સમાજ માટે ખરેખર ખૂબ વસમી છે. તેઓ સંસ્થાના એક આધારસ્તંભ હતા. તેમના દૂરંદેશીપૂર્વક માર્ગદર્શન વડે સંસ્થામાં બધી વ્યવસ્થા સુતર ચાલતી હતી. પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સુવર્ણપુરી તીર્થધામના તેઓ એક અસાધારણ, વિચક્ષણ ને સજગ સંત્રી હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં આ અધ્યાત્મ-તીર્થની ગૌરવભરી છટા સુરક્ષિત રાખવામાં તેમનો મોટો ફાળો છે.

વજુમામા નાની ઉંમરથી બુદ્ધિશાળી હતા. તેઓ દરેક બાબતમાં ઠીક-અઠીકની પરીક્ષા કરતા. પરીક્ષા કરતાં પોતાની બુદ્ધિમાં યુક્તિપૂર્વક બરાબર બેસે તો જ તે વાતનો સ્વીકાર કરતા. વિ. સં. ૧૯૮૨ના ચોમાસામાં તેઓ પૂજ્ય ગુરુદેવના સમાગમમાં આવ્યા. તેમની વાણી સાંભળીને વજુભાઈએ અંતરમાં નિર્ણય કરી લીધો કે–'આ મહારાજ સંપ્રદાયની રૂઢિ કરતાં કોઈ જુદી જ વાત કરે છે. એમનું વજન બહારની ક્રિયા ઉપર નથી, પણ અંતરના પરિણામ ને જ્ઞાન ઉપર છે. આવી વાત બીજા કોઈ મહારાજ કરતા નથી.' વજુભાઈ પાસેથી પૂજ્ય ગુરુદેવના જ્ઞાન ને વાણીની પ્રશંસા સાંભળીને તેમનાં નાનાં ભાઈબહેન—આપણા આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેન—પૂજ્ય ગુરુદેવ પ્રત્યે આકર્ષિત થયાં. તેમાં પૂજ્ય બહેનશ્રીની તો વાત જ શી કરવી! તેમણે તો પૂજ્ય ગુરુદેવની આત્મસ્પર્શી વાણી સાંભળીને પોતાના અધ્યાત્મ-સંસ્કારો સાકાર કર્યા અને સાનુભવ આત્મજ્ઞાનની ઉપલબ્ધિ કરી. તેમની સાથે તુલનામાં અત્યારે કોઈ આવી શકે તેમ નથી. પંડિતજી હિંમતભાઈ પણ એક અધ્યાત્મતત્ત્વવેત્તા તરીકે અસાધારણ ને ગૌરવપૂર્ણ વ્યક્તિત્વ ધરાવે છે. આમ એ ત્રણેય ભાંડુઓ પહેલેથી જ બુદ્ધિશાળી ને ધર્મની રુચિવાળા તો હતા જ; તેમાં કોઈ સુકૃતના યોગે પૂજ્ય ગુરુદેવ જેવા મહાન સત્પુરુષનો સમાગમ પામીને તથા અંતરમાં પોતાની પ્રગતિ સાધીને એ ત્રણેય રત્નો પોતપોતાની વિશિષ્ટતાથી ઝળકી નીકળ્યાં અને પૂજ્ય ગુરુદેવના શાસનની શોભાના અંગરૂપ બની ગયાં.

વજુભાઈમાં, ધાર્મિક રુચિની સાથે સાથે, લૌકિક વિચક્ષણતા પણ અસાધારણ હતી, જેથી મંદિરનિર્માણ અને વહીવટી કાર્યોમાં સંસ્થાને તેઓ અંતરની લાગણીપૂર્વક પૂરેપૂરો સહયોગ આપતા હતા. જીવન દરમ્યાન તેમણે શાસનનાં તેમ જ સમાજનાં જે જે કાર્યો

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૭ ]

આદરણીય ' બાપુજી ' શ્રી વ્રજલાલભાઈ જે. શાહને

# ભાવભીનાં શ્રદ્ધાસુમન

—સમર્પક : શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા
(—પ્રમુખ, દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ)

જેમને હું ' બાપુજી ' કહીને સંબોધન કરતો હતો, નાનપણથી મારા પૂજ્ય પિતાશ્રીના સ્નેહી મિત્ર હોવાથી જેમના પ્રત્યે મને પિતાતુલ્ય આદરભાવ પ્રવર્તતો હતો, તે માનનીય મુરબ્બી શ્રી વ્રજલાલભાઈના દેહોત્સર્ગથી મને તેમ જ સમસ્ત મુમુક્ષુસમુદાયને ખરેખર દુઃખદ આઘાત લાગ્યો છે. તેમની ચિરવિદાયથી ટ્રસ્ટને તેમ જ મુમુક્ષુસમાજને, ન પૂરી શકાય એવી, મોટી ખોટ પડી છે.

બાપુજીમાં આત્માર્થભીની મુમુક્ષુતા તો હતી જ, પણ સાથે સાથે દેવ-ગુરુની ભક્તિ તેમ જ વ્યાવહારિક કુનેહ પણ સારી હતી. ટ્રસ્ટના તેમ જ મુમુક્ષુસમાજના ઘણા અટપટા પ્રશ્નો તેઓ, ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાઓ વગેરેને વિશ્વાસમાં લઈ, તેમને વાત્સલ્યપૂર્વક સાચું માર્ગદર્શન આપી, એવી સરળતાથી ઉકેલી આપતા કે જેથી તેમના બુદ્ધિકૌશલ્ય અને હૃદયની સાચી ભાવના પ્રત્યે બધાને અંતરથી અહોભાવ આવતો. આ જ કારણે આપણે સૌ માર્ગદર્શન મેળવવા તેમની પાસે ઉત્સાહથી દોડી જતા.

પૂજ્ય ગુરુદેવની સમાધિ પછી સંસ્થાકીય તેમ જ સામાજિક અટપટા વાતાવરણની વચ્ચે તેમણે, પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય બહેનશ્રી અને પૂજ્ય ગુરુદેવની તીર્થભૂમિ પ્રત્યે અત્યન્ત ભક્તિભાવને લીધે, શાન્તિ, ધીરજ અને સહનશીલતાથી અડીખમપણે ઊભા રહીને સુવર્ણપુરી-તીર્થની રક્ષાનું જે અનુપમ કાર્ય કર્યું છે તે ખરેખર અત્યંત આશ્ચર્યકારક અને તેમના પ્રત્યે માન ઉપજાવે એવું છે.

બહારમાં દેવ-ગુરુ પ્રત્યે ભક્તિભીની પ્રવૃત્તિ હોવા છતાં અંતરમાં તેઓ પોતાની અધ્યાત્મતત્ત્વ વિષેની શોધકવૃત્તિ તો સદાય સજગ રાખતા હતા. પોતાનો શાસ્ત્રસ્વાધ્યાય, દેવદર્શન, સત્સમાગમ વગેરે ક્રમ બરાબર નિયમિતપણે જાળવી રાખતા. ભગવતીમાતા ફરમાવે છે તેમ, તેઓ અંતરમાં જ્ઞાયકનો સાથ અને બહારમાં દેવ-ગુરુનો સાથ ઉલ્લાસભાવે રાખતા હતા. દેવગુરુધર્મને સંપૂર્ણપણે સમર્પિત એવું તેમનું જીવન ખરેખર આપણા માટે એક અનેરો આદર્શ છે.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૫ ]

માનનીય મુરબ્બી શ્રી વ્રજલાલભાઈ જે. શાહ પ્રત્યે

# ભાવભીની શ્રદ્ધાંજલિ

—સમર્પક : ડૉ. પ્રવીણભાઈ દોશી, રાજકોટ
( —ઉપપ્રમુખ, શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ )

સોનગઢનાં મુમુક્ષુ ભાઈબહેનોમાં ભાગ્યે જ કોઈ એવું હશે જે વજુભાઈના સંપર્કમાં ન આવ્યું હોય. કોઈને કોઈ પ્રસંગે, કોઈ કારણસર, તેમની સાથે વાતચીત કરવાના અનેક પ્રસંગો આવ્યા હશે. સામી વ્યક્તિ નાની હોય કે મોટી હોય, પરિચિત હોય કે અપરિચિત, તેની સાથે વ્રજલાલભાઈ ઘણા જ પ્રેમથી વાતો કરતા અને દરેકને આત્મીયતાનો અનુભવ કરાવતા.

સોનગઢ સ્વાધ્યાયમંદિરના કૉમ્પ્લેક્સના કંપાઉંડને અડીને જ તેમનું રહેઠાણ છે, અને સાચા અર્થમાં તેના સજાગ સંત્રી તરીકે તેમણે ફરજ બજાવી છે. સોનગઢની સંસ્થા ઊભી કરવામાં, તેની વૃદ્ધિ કરવામાં અને આજની સ્થિતિએ મૂકવામાં મુ. બાપુજી–રામજીભાઈ દોશીનો જેટલો ફાળો છે તેટલો જ ફાળો મુ. વજુભાઈનો છે. તેઓશ્રી જતાં સંસ્થાનો મુખ્ય આધારસ્તંભ તૂટી પડ્યો છે. સંસ્થાનું હિત અને ચિંતા તેમને હૈયે હતાં. આખર સમય સુધી તેમણે તેની દેખભાળ કરી છે. એક સારા વ્યવસ્થાપક તરીકે બધા મુમુક્ષુઓ તેમને ઓળખે છે.

સંસ્થાને લગતી દરેક નાની મોટી વિગત, પછી તે વર્તમાન સંબંધી હોય કે ભૂતકાળની હોય, બધું તેમને મોઢે જ હોય. કોઈ પણ કામ કોને સોંપવાનું છે તેનો પણ ખ્યાલ હોય અને એ રીતે બધાં કામ વ્યવસ્થિત થઈ જતાં. સંસ્થાની જવાબદારીમાં તેમનું દૂરંદેશીપણું ખૂબ જ લાભનું કારણ બન્યું છે. સામાન્ય લાગતી બાબતોમાં પણ તેનાં દૂરગામી પરિણામો કેવાં આવશે અને કેવા આશયથી આ વાત આવી છે તે સમજવાની તેમની શક્તિ ઉપર આફરીન થઈ જવાય એવું હતું. પોતાનાં મંતવ્યો સ્પષ્ટ શબ્દોમાં રજુ કરવાની તેમની ટેવ હતી અને તે પણ કોઈની શેહ રાખ્યા વિના. દરેક પ્રસંગે એ વાત અનુભવમાં લીધી છે કે તેમણે જે કાંઈ કર્યું છે તે એક માત્ર સંસ્થાના હિતને લક્ષમાં રાખીને જ કર્યું છે.

સોનગઢ-સંસ્થાનાં મંદિરો અને મકાનો એ એમની બોલતી તવારીખ છે—ખાસ કરીને સમવસરણ, પરમાગમમંદિર અને નંદીશ્વરજિનાલય. એકેએક સ્થાપત્ય પાછળ તેમણે કેટલી મહેનત લીધી છે, કેટલાં શાસ્ત્રો વાંચ્યાં છે, કેટલી જગ્યાએ ફરીને જોયું છે, એકે-

એક નાની વિગત લક્ષમાં લઈને તે મુજબ કેવી રચનાઓ કરી છે, એનો જેને ખ્યાલ હોય તેને જ એની કિંમત સમજાય. સોનગઢ સિવાય બીજાં ગામોમાં, જ્યાં પૂ. ગુરુદેવના નિમિત્તે મંદિરો થયાં છે ત્યાં, પણ સામાન્ય રીતે તેમનું માર્ગદર્શન રહ્યું જ છે.

મુ. વજુભાઈના આ વ્યક્તિત્વનો તો મુમુક્ષુઓને ખ્યાલ છે, પરંતુ તેમનું એક બીજું પડખું છે—અધ્યાત્મ પ્રેમનું—જે બધાના ખ્યાલમાં નથી આવ્યું. નાની ઉંમરથી જ તેમને અધ્યાત્મનો રસ હતો તેથી ખૂબ શાસ્ત્રાભ્યાસ કરેલો. તેમને ઘણું બધું કંઠસ્થ હતું. એન્જીનિયર થયા બાદ ૨૩ વર્ષની ઉંમરે તેઓ પૂ. ગુરુદેવશ્રીના પ્રથમ પરિચયમાં આવ્યા. તે સમયે તેમણે પંડિતજી હિંમતભાઈને લખેલું કે–અહીં એક મહારાજ આવ્યા છે જે સમ્યગ્દર્શનનો ઘણો મહિમા કહે છે; એમનો ઘણો લાભ લેવા જેવો છે; વગેરે.

તેઓએ અનેક શાસ્ત્રોનો સ્વતંત્રબુદ્ધિથી સ્વાધ્યાય કરેલો. તેમને તત્ત્વની સારી એવી પકડ હતી. પંડિતો વચ્ચે કોઈ મુદ્દા ઉપર વાદવિવાદ થતા ત્યારે તેઓ ક્યારેક દૃઢતાથી કહેતા કે 'આ વાત તો બિલકુલ સ્પષ્ટ છે, તેમાં ચર્ચાને અવકાશ જ ક્યાં છે?' આટલો અભ્યાસ હોવા છતાં કોઈએ એમને તત્ત્વ અંગે ચર્ચા કરતા જોયા નથી. તેથી સામાન્ય અભિપ્રાય એવો જ રહ્યો છે કે તેમને માત્ર સંસ્થાના વહીવટી કાર્યમાં જ રસ હતો. પરંતુ તે અભિપ્રાય બરાબર નથી.

'સમ્યગ્દર્શન એ બુદ્ધિનો વિષય નથી પરંતુ રુચિનો વિષય છે'—એ એમનું ખાસ મંતવ્ય હતું. તેઓ વાંકાનેર હતા ત્યારે ત્યાં સમાજમાં શાસ્ત્રવાંચન કરતા હતા; પરંતુ પછી ક્યારેય જાહેરમાં એવી પ્રવૃત્તિમાં જોડાયા ન હતા. ૫૫ વર્ષની વયે નિવૃત્ત થઈને શેષ જીવન તેમણે માત્ર શાસ્ત્રાભ્યાસમાં અને સંસ્થાની સેવામાં વ્યતીત કર્યું છે. છેવટ સુધી પૂ. ગુરુદેવ તથા ભગવતી માતાના શરણમાં રહીને નિજ આત્મામાં અધ્યાત્મનું સીંચન કરતા રહ્યા હતા.

તેમની છેલ્લી માંદગી દરમ્યાન ભગવતી માતાજી સાથે અવારનવાર થતી વાતચીતમાં તત્ત્વસંબંધી વાત નીકળતાં તેમનો અંદરથી જે પડકાર આવતો તેથી બધાને સાનંદાશ્ચર્ય થતું. ઘણી નબળાઈ અને થાક હોવા છતાં, માતાજી પધારતાં ત્યારે તેમની સાથે ધાર્મિક વાતચીત કરતાં તેઓ એટલા બધા ઉલ્લાસમાં ને સ્ફુર્તિમાં આવી જતા હતા કે જેથી જોનારાઓને એમ જ લાગે કે તેમને કોઈ રોગ જ નથી. જો અંતરંગમાં તત્ત્વનું ઘોલન ચાલતું હોય તો જ તે આ રીતે પ્રતિકૂળતા સમયે જવાબ આપે.

કુંદકુંદ–કહાન–પરિવાર–યુવકમંડળની પ્રવૃત્તિમાં તેઓ ખૂબ જ રસ લેતા અને માર્ગદર્શન આપતા હતા. તેઓ ૮૪ વર્ષની ઉંમરે પણ એક યુવાનને શરમાવે એટલું કામ કરતા હતા. તેમની આવી બહુમુખી પ્રતિભાને લક્ષમાં રાખીને આપણે પણ નિજ આત્મ-કલ્યાણની ભાવનાપૂર્વક દેવ, શાસ્ત્ર, ગુરુ અને શાસનની સેવા માટે કટિબદ્ધ થઈએ. નિજ આત્મહિતની જે ભાવના લઈને તેઓ ગયા છે તે કાર્ય શીઘ્ર પૂરું કરે એવી ભાવના. *

માનનીય વડીલ શ્રી વ્રજલાલભાઈ શાહ પ્રતિ

# ધર્માનુરાગભીની શ્રદ્ધાંજલિ

—સમર્પક : શ્રી આણંદલાલ નાનાલાલ જસાણી

ધર્મમાતા ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મોટા ભાઈ હોવાથી જેમને આપણે સૌ આદરભાવે 'મોટા મામા' કહીને સંબોધતા હતા, જેઓ આપણા ઉપર ખૂબ ધર્મવાત્સલ્ય વરસાવતા હતા—આપણને સ્નેહભીનો મીઠો આવકાર આપતા હતા અને જેમણે દેવ-ગુરુ-ધર્મની, પરમ કૃપાળુ પરમ-આધાર પૂજ્ય ગુરુદેવની, ધન્યાવતાર સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ભગવતીમાતાની ને તે બંનેની સાધનાભૂમિ સુવર્ણપુરી–તીર્થધામની અનુપમ સેવામાં પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરી દીધું હતું, તે માનાર્હ મુરબ્બી શ્રી વ્રજલાલભાઈની આપણી વચ્ચેથી ચિરવિદાય તે ખરેખર આપણી સંસ્થા ને આપણા મુમુક્ષુસમાજ માટે એક અતિ દુઃખદ ઘટના છે; પરંતુ કુદરતના ક્રમ પાસે તેને લાચારીથી સહી લેવી પડે છે.

મોટા મામાને પહેલેથી જ ધર્મનો પ્રેમ સારો હતો ને બુદ્ધિશક્તિ પણ તીક્ષ્ણ હતી; તેથી પૂજ્ય ગુરુદેવનો સમાગમ થતાં, તેમની અધ્યાત્મરસભરી અસાધારણ વાણીનું શ્રવણપાન કરતાં, તેમણે પોતાની પરીક્ષાશક્તિથી નિર્ણય કરી લીધો કે–આ મહારાજસાહેબ કોઈ જુદી જ વાત કહે છે; તેઓ કહે છે એવું સમ્યગ્દર્શનનું સ્વરૂપ બીજે ક્યાંય સાંભળ્યું નથી. સમકિત થતાં સિદ્ધભગવાનની જાતનો અતીન્દ્રિય આનંદ અંશે અનુભવમાં આવે—આવી ચમત્કૃતિભરી વાત ખરેખર અદ્‌ભુત છે. તેમણે પૂજ્ય ગુરુદેવના જ્ઞાનનો મહિમા પોતાનાં નાનાં ભાઈ-બહેનને—નાના મામા આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને—કહ્યો. એ રીતે સમાગમમાં આવીને તે ત્રણેય ભાંડુઓ પૂજ્ય ગુરુદેવના સ્વાનુભવભીના અધ્યાત્મજ્ઞાનથી રંગાઈ ગયાં અને પોતપોતાની અસાધારણ વિશેષતાથી ગુરુદેવના ધર્મદરબારને શોભાવનાર ઉત્તમ રત્નો બની ગયાં.

મોટા મામાએ અધ્યાત્મજ્ઞાનના રુચિપૂર્વકના અભ્યાસની સાથે સાથે દેવ-ગુરુની ભક્તિનાં કાર્યો પણ અનુપમ કર્યાં. સોનગઢનાં શ્રી સીમંધરસ્વામી દિ૦ જિનમંદિર, માનસ્તંભ, પરમાગમમંદિર, નંદીશ્વરજિનાલય, સ્વાધ્યાયમંદિર ને પ્રવચનમંડપ વગેરેના નિર્માણમાં આપણને તેમની અત્યંત નિઃસ્પૃહતાભરી દેવ-ગુરુ પ્રત્યેની નિખાલસ ભક્તિનાં દર્શન થાય છે. આ રીતે અંતરના તેમ જ બહારના સુમેળસ્વરૂપ તેમનું જીવન આપણને ખરેખર પ્રમુદિત કરે એવું હતું.

તેમના જીવનના છેલ્લા દિવસો પણ કેવા ધર્મમય વાતાવરણમાં વ્યતીત થયા? પૂજ્ય માતાજી તેમના ઘરે દિવસમાં ત્રણ વાર પધારતાં અને આખું વાતાવરણ ધર્મમય—જ્ઞાયકમય થઈ જતું હતું. ત્યારે જોઈને આશ્ચર્ય થતું કે-સંસ્થાનાં ને સમાજનાં વિવિધ કાર્યોમાં વ્યસ્ત એવા મોટા મામાને અંતરમાં જ્ઞાયકના અભ્યાસનું કેટલું સુંદર લક્ષ છે!

અંતમાં, પૂજ્ય મોટા મામા શ્રી વ્રજલાલભાઈ, સાધેલા જ્ઞાયક વિષેના ઉત્તમ સંસ્કારોના બળ વડે, પોતાની સાધનામાં આગળ પ્રયાણ કરી શીઘ્ર પૂર્ણાનંદદશાને પ્રાપ્ત થાઓ.—એ જ સ્વર્ગસ્થ આત્મા પ્રત્યે ધર્માનુરાગભીની શ્રદ્ધાંજલિ.

—o—

સોનગઢ ટ્રસ્ટના સ્તંભ માનનીય શ્રી વ્રજલાલભાઈ જે. શાહ પ્રતિ

# હાર્દિક શ્રદ્ધાંજલિ

—સમર્પક: ધીરુભાઈ બોરડિયા

પૂજ્ય માનનીય શ્રી વજુમામાના સ્વર્ગવાસથી સંસ્થા આજે નિરાધાર થઈ ગઈ છે. તેઓ સંસ્થાના સુકાની તથા આધારસ્તંભ હતા. તેમના જવાથી સંસ્થાને મોટી ખોટ પડી ગઈ છે. તેમનામાં ગજબનું બુદ્ધિકૌશલ્ય, કાર્યદક્ષતા અને દૂરદર્શીપણું હતું. તેમનામાં અસાધારણ આત્મબળ હતું, જેથી કોઈ પણ મહાન કાર્ય આવે ત્યારે તેઓ દઢતાથી અને વિશ્વાસપૂર્વક તેનું સફળ સંચાલન કરી શકતા હતા. તેમની વિધવિધ પ્રકારની અદ્‌ભુત કાર્યશક્તિની અનેક મુમુક્ષુઓને અનુભૂતિ થઈ ગઈ છે. નંદીશ્વરજિનાલયની પ્રતિષ્ઠાનું ભગીરથ કાર્ય તેઓએ અતિ સુંદર રીતે પૂર્ણ કર્યું તે તેમની કાર્યદક્ષતાનું પ્રબળ ઉદાહરણ છે. તેઓએ સંસ્થાને સર્વપ્રકારે સમર્થ બનાવી દેવગુરુશાસ્ત્ર પ્રત્યેની નિસ્પૃહતાપૂર્ણ ભક્તિનો આદર્શ બધાની સામે રાખેલ છે.

આ પ્રસંગે પૂજ્ય મોટા મામાને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, અને પરમ કૃપાળુ પરમાત્માની પાસે, તેમના આત્માને અખંડ શાંતિ શીઘ્ર પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરું છું.

(શ્રદ્ધાંજલિના ભાષણમાંથી ઉદ્ધૃત)

આદરણીય શ્રી વ્રજલાલભાઈ જે. શાહને આદરભાવયુક્ત

## શ્રદ્ધાંજલિ

[ સમર્પક : શ્રી હીરાલાલજી કાલા, ભાવનગર ]

પરમાગમમંદિરકે નિર્માણકે ટાઇમસે મૈં ઉનકે સંપર્કમેં રહા હૂં ઔર પૂ. ગુરુદેવકે સ્વર્ગવાસકે બાદ ઉનકે સાથ અધિક સંપર્કમેં રહા. ઉનકી કુશાગ્રબુદ્ધિ એવં વિચક્ષણતાસે હરેક કામ અચ્છી તરહ સમ્પન્ન હોતે થે. વે એક અસાધારણ પ્રતિભાશાલી વ્યક્તિ થે જિસકી વજહસે બહુતસે અચ્છે કામ ઉનકે જીવનકાલમેં બને. ઉન્હોંને ખુદને દીર્ઘ કાલ તક અપના પૂરા સમય મંદિરોંકે નિર્માણમેં, મંદિરોંકી વ્યવસ્થામેં દિયા; સભી વ્યક્તિયોંકો —સભી મુમુક્ષુઓંકો એવં સભી સંસ્થાઓંકો માર્ગદર્શન ભી અચ્છી તરહ દિયા;—વહ સમ્માન કરને યોગ્ય વિષય હૈ. ઉનકે વિયોગસે ઉનકે પરિવારકો એવં સારે હી મુમુક્ષુસમાજકો તીવ્ર આઘાત લગા હૈ. ઉનકે વિયોગસે ઉત્પન્ન હુએ શૂન્યકો પૂરના મુશ્કિલ હૈ. દિવંગત આત્માકો શાન્તિ પ્રાપ્ત હો ઐસી ભાવના. —૦—

આપણા પિતામહ સમાન મહામાનવ વજુભાઈને

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

—સમર્પક : શ્રી કાંતિલાલ હરિલાલ શાહ, લીંબડીવાળા

પૂજ્ય મોટા મામા શ્રી વ્રજલાલભાઈના સ્વર્ગવાસના દુઃખદ સમાચારથી બધા મુમુક્ષુઓનાં હૃદય ભરાઈ આવ્યાં છે. તેઓ માનવ નહિ પરંતુ મહામાનવ હતા. તેમનામાં અગાધ શક્તિ હતી. પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય બહેનશ્રીના પ્રતાપથી આખાય ભારતમાં ધર્મનો જયજયકાર થઈ રહ્યો છે. ભવ્ય જિનમંદિરોના નિર્માણ દ્વારા થયેલ શાસન-પ્રભાવનામાં, કે જેનું મૂળ પૂજ્ય ગુરુદેવનો પ્રભાવનોદય છે તેમાં, વજુભાઈનો મોટો હિસ્સો હતો. તેઓ સમગ્ર સમાજ તેમ જ સંસ્થાના પિતા તેમ જ પ્રાણ સમાન હતા. ચોવીસે કલાક સંસ્થાની ઉન્નતિને માટે વિચારમગ્ન રહેતા હોવા છતાં પણ પોતાના જ્ઞાનાધ્યયનમાં પણ તેટલા જ મગ્ન રહેતા હતા. તેઓની વિચક્ષણ બુદ્ધિ સર્વ કાર્યોમાં પહોંચતી હતી. સંસ્થાના પ્રાણાધાર સમાન આ મહામાનવની પૂર્તિ થવી અશક્ય છે.

અંતમાં, સર્વના પિતામહ સમાન માનનીય વજુભાઈનો આત્મા શીઘ્ર આત્મકલ્યાણ સાધીને પૂર્ણતાને પ્રાપ્ત કરે એવી ભાવના. ( શ્રદ્ધાંજલિના ભાષણમાંથી ઉદ્ધૃત ) *

[ ભાવભીનાં શ્રદ્ધાસુમન : પાનું ૧૯ થી ચાલુ ]

આવા પરમ તારણહાર સમયસારયુગપ્રવર્તક પરમપૂજ્ય ગુરુદેવના સત્સમાગમ ઉપરાંત તેમને, અધ્યાત્મપ્રગતિમાં સહાયભૂત થાય એવા પોતાનાં નાનાં બહેનના—ભારતવર્ષના અજોડ ધર્મરત્ન, દેવગુરુનો અનુપમ મહિમા બતાવનાર, સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના—સમાગમનો સુયોગ પણ સુલભપણે ઉપલબ્ધ હતો, જેનો તેઓ અત્યંત ઉલ્લાસથી લાભ લેતા હતા. એ રીતે તેઓ ખરેખર મહાન ભાગ્યશાળી હતા.

અંતમાં, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીના પાવન સમાગમમાં પોતાની મુમુક્ષુતાભીની રુચિ વડે તેમણે ઉપલબ્ધ કરેલા ધાર્મિક સંસ્કારો દ્વારા તેઓ આત્મસાધનામાં આગળ વધી શીઘ્ર પરમાત્મદશાને પ્રાપ્ત થાઓ—એવી પુનિત ભાવના સહ તેમનાં પુણ્ય ચરણોમાં ભાવભીનાં શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું.

—૦—

સંસ્થાના સન્નિષ્ઠ સંચાલક શ્રી વ્રજલાલભાઈ જે. શાહ પ્રત્યે

## સમાદરસ્યન્દી શ્રદ્ધાંજલિ

—સમર્પક : શ્રી પ્રાણલાલ પુરુષોત્તમદાસ કામદાર

મુરબ્બી મામા શ્રી વ્રજલાલભાઈ સાથે નજીકના સંપર્કમાં આવવાનું હમણાં થોડા સમયથી જ બન્યું. તેઓ વહીવટકર્તા તરીકે કડક દેખાવા છતાં અંદરથી તેમને મુમુક્ષુઓ પ્રત્યે ખૂબ જ વાત્સલ્ય હતું. મુમુક્ષુઓની નાનામાં નાની ફરિયાદ સાંભળી તેમને જરાય અગવડ ન પડે તે પ્રત્યે અવારનવાર અમારું ધ્યાન ખેંચતા. ભોજનાલય સારામાં સારું ચાલે તે બાબત તેમને ઘણું રહ્યા કરતું હતું.

અમારા જેવા કાર્યકર્તાઓને તેમની હાજરીથી ઘણી નિશ્ચિંતતા રહેતી હતી; કેમ કે અમે જાણતા હતા કે અમારી ગેરહાજરી હશે તોપણ મુરબ્બી મામા બધું સંભાળી લેશે.

સંસ્થાના તેઓ પાયારૂપ હતા. મુમુક્ષુ સમાજને હજુ પણ તેમની દોરવણીની ઘણી જરૂર હતી; તે સંજોગોમાં તેઓ આપણી વચ્ચેથી ચાલ્યા જતાં આપણા સૌના માથે ઘણી જવાબદારી આવી પડે છે.

અંતમાં—દેવશાસ્ત્રગુરુ પ્રત્યે તેમ જ સત્પુરુષો પ્રત્યે તેમના અંતરમાં જે ધાર્મિક ભાવના હતી તેના પ્રતાપે તેમનો આત્મા શાશ્વત સુખને પામો એ જ અભ્યર્થના.

—*—

દેવગુરુધર્મના સન્નિષ્ઠ સેવક શ્રી વ્રજલાલભાઈ જેઠાલાલ શાહ પ્રત્યે

# ગુણાનુરાગભીની શ્રદ્ધાંજલિ

[સમર્પક : શ્રી જમુભાઈ રવાણી]

પૂજ્ય કહાનગુરુદેવને મારાં ત્રિકાળ વંદન હો. એમના જે આ પરમ ભક્તનું અણધાર્યું દેહાવસાન થયું છે તેમની ઈચ્છાશક્તિ એવી હતી કે—આપણને એમ લાગતું હતું કે—આ, દૂબળો-પાતળો દેહ પણ, આટલી ત્વરાથી તો વિદાય નહીં જ લે. મંગળવારે તાર આવ્યો ત્યારે દુઃખદ આશ્ચર્ય અનુભવ્યું કે ઓહો! આમ વ્રજલાલભાઈ ચાલ્યા જાય! માન્યામાં ન આવે એવું પણ સ્વીકારવું જ પડયું. હું જ્યારે પહેલવહેલાં 'અનેકાન્ત' માસિક ચલાવતો હતો ત્યારે મને વજુભાઈનો પરિચય થયો. 'રવાણી! તમે શું લખતા 'તા? લખવું જોઈએ વા. મો. શાહની (વાડીલાલ મોતીલાલ શાહની) કલમે.' તેઓ વા. મો. શાહની કલમના ખાસ પ્રશંસક હતા. મેં કહ્યું : ભાઈ! તે તો મારી પાસે નથી જ. તેઓ કહે : નહિ, રવાણી! તમે મારી પાસે વા. મો. શાહની બૂકો છે તે લઈ જાઓ.

પૂજ્ય ગુરુદેવ સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા ત્યારે, તેમણે (વજુભાઈએ) જે નોંધો લખેલી તે વાંચતાં એમ લાગ્યું કે ઓહો! આ વજુભાઈનું ગજું કેટલું? કેટલું સુંદર લખે છે? અને કઈ ઉંમરે?—આશ્ચર્ય અનુભવ્યું. એવા એ વજુભાઈના પરિચયમાં જ્યારથી હું આવ્યો ત્યારથી મને થયું કે 'આ વજુભાઈ કોઈ મોટા ગજાના માનવી છે....મોટા ગજાના'. આપણા બધા મુમુક્ષુભાઈઓને કહું છું કે–તેમનું ગજું માપવા જતાં આપણે જ મપાઈ જઈએ એવું છે.

અહો! કેવી અદ્‌ભુત વાત છે કે એક ભાવી શલાકાપુરુષ આપણી વચ્ચે જીવી ગયા! તેમનું અધૂરું કાર્ય પૂજ્ય બહેનશ્રીના હાથે પૂર્ણતા તરફ જઈ રહ્યું છે. પૂજ્ય બહેનશ્રી તત્ત્વનો નિચોડ કાઢીને, સ્વાનુભૂતિપરિણત જીવન જીવીને આપણને સાક્ષાત્ બતાવી રહ્યાં છે કે 'પૂજ્ય ગુરુદેવનો સંદેશ આ છે'. 'ઓહો! ગુરુદેવને જે કહેવાનું છે, શાસ્ત્રોમાં જે કહેલું છે, તે તો આ રહ્યું'–એમ અધ્યાત્મની તેમ જ શાસ્ત્રોની ગૂઢતા ખોલવાનું કાર્ય તો હિંમતભાઈએ સંભાળી લીધું. પણ શલાકાપુરુષે–સત્પુરુષે જે કાર્ય કરવાનું છે—જેમ કે શાસનની પ્રભાવના—તેને મૂર્તિમન્ત સ્વરૂપ આપનાર એ કોઈ નાના ગજાનો માનવી નથી. આજે આ સ્વાધ્યાયમંદિર કે ભવ્ય જિનાલયો જુઓ તો તેમના કણ-કણમાં, રેતીએ રેતીએ ને કાંકરે કાંકરે વજુભાઈ છે.

તેમની એક ખૂબી હતી કે તેઓ જે સંકલ્પ કરતા, નિર્ણય કરતા, તે બાબત પૂછતા બધાયને, સમજતા બધાયને, સાંભળતા બધાયને, પણ કરતા'તા દેવશાસ્ત્રગુરુની પ્રભાવનાને લક્ષમાં

રાખીને. આપણને એમ લાગે કે આમ કેમ કર્યું? પણ આ માણસનું એક પણ ખોટું કામ કોઈ બતાવે તો આપણે તેના ઋણી બની જઈએ; પણ નહિ....નહિ....નહિ; તેમનું કાર્ય દેવશાસ્ત્રગુરુની પ્રભાવના, પૂજ્ય ગુરુદેવ ને પૂજ્ય બહેનશ્રીને લક્ષીને હતું. પૂજ્ય બહેનશ્રી એમનાં બહેન હતાં તે કારણે નહિ પણ—આપ બધા મિત્રોને સહૃદય કહું છું કે—પૂજ્ય ગુરુદેવના અંતરમાં બહેનશ્રીના આત્માની—સત્‌ની—પ્રભાવનાનો જે અદ્‌ભુત પ્રમોદ હતો તે કારણે. અને તે પ્રમોદ જો કોઈને જોવો-જાણવો હોય તો 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવે આપેલાં પ્રવચનો તે વાંચી જુએ; તેને ખ્યાલમાં આવશે કે ગુરુદેવના હૃદયમાં બહેનશ્રી માટે આદર—માત્ર આદર જ નહિ પણ અત્યંત ધર્મવાત્સલ્યપૂર્ણ પ્રમોદ—કેટલો હતો! એ લક્ષમાં રાખીએ તો બહેનશ્રી પ્રત્યે ભાઈનો પણ સાથ તે કારણે હતો, માત્ર બહેન તરીકે નહિ. ગુરુદેવના અંતરમાં જ્યારે બહેનશ્રી એટલાં વસી ગયાં છે ત્યારે તે બહેનશ્રીનું મૂલ્ય પોતાને ખ્યાલમાં આવે છે કે અહો! આ બહેનશ્રી—આવું રત્ન આપણે ત્યાં છે!

વજુભાઈ આજે આપણી વચ્ચે નથી. તેમણે ભક્તિભરેલા ચિત્તે જે દઢતાથી કામ કર્યું છે, નીડરતાથી કામ લીધું છે, તે જોઈને તેમની સૂઝ તેમ જ શક્તિ અને ભક્તિ તથા અર્પણતા પ્રત્યે મને માન આવ્યું. તેઓ કહે: 'રવાણી! મારી પાસે બીજું કોઈ નજરમાં નથી, એકમાત્ર સોનગઢ, સોનગઢ અને સોનગઢ જ છે. બીજી કોઈ વાત મને ગમશે નહિ, મારું કામ આટલા પૂરતું જ છે. આ (સોનગઢ) જો શાન્તિથી ને સ્વચ્છતાથી તથા ગુરુદેવના હૃદય પ્રમાણે પોતાનું કામ કરતું રહેશે, તો ગુરુદેવનું તીર્થ ઊભું રહેશે. સોનગઢ—ગુરુદેવનું તીર્થધામ—સાધકોનું નિર્મળ ને પ્રાણવંતું સાધનાનિકેતન રહેવું જોઈએ.' આવી ધીરતા! આ ધીરતાનો નમૂનો વજુભાઈ હતા.

આજે તે આપણી વચ્ચે નથી. અને એટલે જ આપણા સૌની જવાબદારી એ છે કે તેમનું જે અધૂરું રહેલ કાર્ય તે આપણે પરિપૂર્ણ કરીએ, અને સોનગઢની પવિત્ર ભૂમિનો આપણે બધા તન-મન-ધનથી ને અંતરના સંકલ્પથી પૂરેપૂરો આદર પૂરેપૂરી ઉપાસનાથી કરીએ અને એ પવિત્ર ભૂમિ પાસે સત્ સાંભળીએ.

આ જે ત્રણ ભાંડુઓ તે અચાનક ક્યાંથી ભેગાં થઈ ગયાં? વળી એક જ કુટુંબમાં જન્મ્યાં અને રહ્યાં પણ એક જ સ્થળમાં! આજે રામલક્ષ્મણની જોડી ખંડિત થઈ છે. આપણે જાણીએ છીએ કે હિંમતભાઈના હૃદયમાં શું થતું હશે. વજુભાઈ વડીલ હતા, પરંતુ તેમનામાં હિંમતભાઈ પ્રત્યે જે આદર હતો તે ન ભૂતો, ન ભૂતો, ન ભૂતો. એવા એ વજુભાઈ આજે આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે તેથી આપણને દુઃખ થાય તે સ્વાભાવિક છે, પણ દુઃખ થવાની સાથે આપણે સંકલ્પ કરીએ કે તેમનું પવિત્ર કાર્ય, તેમનું આદરેલું કાર્ય આપણે સૌ આગળ વધારીએ. બસ એટલું કહી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ સહ વિરમું છું.

—o—

સંસ્થાના દીપસ્તંભ મુરબ્બી વડીલ શ્રી વ્રજલાલભાઈ જે. શાહ પ્રત્યે

# આદરભીની ભાવાંજલિ

[ સમર્પક : શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી ]

આપણી સંસ્થાના આધારસ્તંભ, આપણા બધાના આદરણીય મુરબ્બી વડીલ ભાઈશ્રી વ્રજલાલભાઈનો સ્વર્ગવાસ થવાથી આપણે બધા આધારશૂન્ય—નિરાધાર બની ગયા છીએ એવો આપણને બધાને અત્યારે અનુભવ થઈ રહ્યો છે. તેમના ગુણ, તેમની કાર્યશક્તિ, તેમની જ્ઞાયક પ્રત્યેની અંતરની અભિરુચિ વગેરે તેમની અનેક અસાધારણ વિશિષ્ટતાઓ સંબંધી, શોકસભા વખતે અને અત્યારે વૈરાગ્યભક્તિ પછી, વિભિન્ન મહાનુભાવો પાસેથી, સ્વર્ગસ્થને સમર્પિત શ્રદ્ધાંજલિઓ દ્વારા, આપણે ઘણું સાંભળ્યું. વળી, તેમની આ ગરિમાપૂર્ણ વિશેષતાઓ કંઈ કહેવાનો વિષય નથી; બધાને અનુભવમાં પણ આવી ચુકી છે. અનેક ગુણસંપન્ન એવા મુરબ્બી શ્રી વ્રજલાલભાઈના દેહાવસાનથી આપણા આખા સમાજને, ન પૂરી શકાય એવી, મોટી ખોટ પડી છે. તેમનાં કુટુંબીજનોને પણ જે આ ખોટ પડી છે તેને સહન કરવાની શક્તિ તેમને મળે, અને સદ્‌ગત આત્મા દેવ-શાસ્ત્ર-ગુરુનું શરણ પામીને શીઘ્ર શાશ્વત સુખ ઉપલબ્ધ કરે—એવી આપણે બધા સાથે મળીને આજે તેમના પ્રત્યે ભાવાંજલિ–શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ.

—આ પ્રમાણે ટ્રસ્ટના મંત્રી શ્રી ચિમનલાલ ઠાકરશી મોદીએ ટ્રસ્ટ, સમાજ તેમ જ પોતા તરફથી ગદ્‌ગદ થઈને સજળનેત્રે સંક્ષિપ્ત શ્રદ્ધાંજલિ સમર્પિત કરીને, આપણી સંસ્થાના અનન્ય સ્તંભ આત્માર્થી મુરબ્બી સ્વર્ગસ્થ શ્રી વ્રજલાલભાઈ જેઠાલાલ શાહની પુણ્ય સ્મૃતિ અર્થે નિમ્નલિખિત દાનરાશિની જાહેરાત કરી હતી.

રૂા. ૧,૦૦,૦૦૧–૦૦ વિવિધ શુભ ખાતાઓમાં. સ્વ. શ્રી વ્રજલાલભાઈએ પોતે જ પોતાની હયાતીમાં આ રકમ દાનમાં વાપરવાની ઇચ્છા તેમ જ ભાવના વ્યક્ત કરી હતી. તેમની ભાવનાનુસાર તેમના પરિવાર તરફથી ( હા. તેમના પુત્ર શ્રી જિતુભાઈ શાહ ) આ રકમ જાહેર કરવામાં આવી હતી.

તદુપરાંત સ્વ૦ શ્રી વ્રજલાલભાઈની પુણ્ય સ્મૃતિ અર્થે અન્ય રકમો પણ નીચે પ્રમાણે જાહેર કરવામાં આવી હતી.

રૂા. ૯૨૫૪–૦૦ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તરફથી પોતાના મોટા ભાઈની પુણ્ય સ્મૃતિ અર્થે;

રૂ. ૫,૦૦૪-૦૦ આદરણીય પં. શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ તરફથી પોતાના વહાલા મોટા ભાઈની પુણ્ય સ્મૃતિ નિમિત્તે;

રૂ. ૪,૫૦૫-૦૦ શ્રી નીલમબેન, મંજુલાબેન તથા સુધાબેન તરફથી પોતાના પૂજ્ય પિતાશ્રીની પુણ્ય સ્મૃતિ નિમિત્તે;

રૂ. ૩૦૦૪-૦૦ બ્ર૦ કંચનબેન, બ્ર૦ ભારતીબેન અને કુમારી જ્યોતિબેન તરફથી પોતાના પૂજ્ય મોટા મામાની પુણ્ય સ્મૃતિ અર્થે; તથા—

રૂ. ૩૬૮૬૦-૦૦ ઉપસ્થિત જુદા જુદા મુમુક્ષુઓ તરફથી;

—એ પ્રમાણે કુલ રૂપિયા

૧,૫૩,૫૭૮-૦૦ મુ. શ્રી વ્રજલાલભાઈની પુણ્ય સ્મૃતિ નિમિત્તે જાહેર કરવામાં આવ્યા હતા.

* * *

## મુરબ્બી શ્રી વ્રજલાલભાઈની પુણ્ય સ્મૃતિ નિમિત્તે તેમના પરિવાર તરફથી જાહેર થયેલી દાનરાશિનું વિવરણ

૧૦,૦૦૧ કળશી મંડલવિધાન પૂજા ખાતે (પૂ. ગુરુદેવશ્રીની જન્મજયંતી પ્રસંગે)
૧૦,૦૦૧ કળશી મંડલવિધાન પૂજા ખાતે (પૂ. બહેનશ્રીની જન્મજયંતી પ્રસંગે)
૧૦,૦૦૧ નંદીશ્વરજિનાલયમાં કોતરાવેલાં 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' પુસ્તકપ્રકાશન ખાતે
૧૦,૦૦૧ સોનગઢ-ટ્રસ્ટના ધ્રુવફંડ ખાતે
૧૦,૦૦૧ પૂ. ગુરુદેવશ્રીની જન્મશતાબ્દિ ખાતે
૧૦,૦૦૧ વઢવાણમાં 'વચનામૃતભવન' ખાતે
૭૦૦૧ પૂ. ગુરુદેવ દ્વારા પ્રતિષ્ઠિત મંદિરોમાં કળશી પૂજા ખાતે (પૂજાતિથિ કારતક વદ ૯)
૫૦૦૧ શ્રી સમયસાર પરમાગમ પ્રકાશન ખાતે
૫૦૦૧ વઢવાણ-જિનમંદિર ખાતે
૫૦૦૧ વાંકાનેર-જિનમંદિર ખાતે
૫૦૦૧ પૂ. બહેનશ્રીની ૭૫મી જન્મજયંતી ખાતે
૪૦૦૧ કહાનગુરુ-જનકલ્યાણ ટ્રસ્ટમાં ગાયોના ઘાસ ખાતે
૨૫૦૧ ઘાટકોપર-જિનમંદિર ખાતે
૨૦૦૧ શ્રી નિયમસાર-પ્રવચનરત્નાકર પ્રકાશન ખાતે
૨૦૦૧ જૈન અતિથિ સેવાસમિતિમાં ભોજનની ૧ તિથિ ખાતે (કારતક વદ ૯)
૧૦૦૧ સોનગઢ-જિનમંદિર-પૂજનસામગ્રી ખાતે
૧૦૦૧ ગોગીદેવી બ્ર. આશ્રમ ખાતે
૪૮૪ અન્ય શુભ ખાતે
———
૧,૦૦૦૦૧ કુલ

## મુમુક્ષુસમાજના વાત્સલ્યમૂર્તિ માનનીય અગ્રણી
## સ્વર્ગસ્થ શ્રી વ્રજલાલભાઈ જેઠાલાલ શાહના દેહાવસાન નિમિત્તે

# શોકપ્રસ્તાવ

પોતાના હૃદયની દર્દભરી શોકસંવેદના પ્રસ્તુત કરવા માટે આજે તા. ૧૬–૧૧–૮૭ના રોજ પ્રમુખશ્રીની અધ્યક્ષતામાં એકત્રિત થયેલી આ શોકસભામાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી, સર્વ ટ્રસ્ટીમંડળ, સર્વ કાર્યકરો તેમ જ દિગંબર જૈન મુમુક્ષુસમાજનાં સમસ્ત ભાઈબહેનો, સમાગત મુમુક્ષુમહેમાનો અને સોનગઢ ગામના અગ્રણીઓ નીચે મુજબ સર્વાનુમતે હૃદયની લાગણીભીનો આ શોકપ્રસ્તાવ, આદર સહ પસાર કરે છે કે—

સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુસમાજના માનનીય આગેવાન, આત્માર્થી મુમુક્ષુ વડીલ શ્રી વ્રજલાલભાઈ જેઠાલાલ શાહ (વર્ષ ૮૪)ના—કે જેઓ પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના, તથા આપણા સૌના આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ શાહના પિતાતુલ્ય મોટા ભાઈ હતા, નાની વયથી જેમનું જીવન 'તેજબા' માતાએ આપેલ ધાર્મિક સંસ્કારોથી સંસ્કૃત હતું, જેમણે અધ્યાત્મયુગપ્રવર્તક આપણા પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના કલ્યાણકારી પાવન સમાગમમાં આવીને અને વર્ષો સુધી તેમના ભવાન્તકારી મંગલ સાન્નિધ્યમાં વસીને, તેમણે બતાવેલ 'જ્ઞાયક' અભિધાનથી અભિધેય 'શુદ્ધાત્મતત્ત્વ'નાં તેમ જ સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મવિજ્ઞાનનાં ઊંડાં મૂલ્યો સમજવાનો અને યથાશક્તિ પરિણતિગત કરવાનો સારો લાભ લીધો હતો, સુવર્ણપુરી અધ્યાત્મ તીર્થધામ અને તેનાં મનોહર, કલાપૂર્ણ, અસાધારણ ભવ્ય જિનાયતનો જેમની શિલ્પાચાર્યત્વની (ઇજનેરપણાની) દેવગુરુભક્તિભીની મૂક સેવાની સાક્ષી આપી રહ્યાં છે અને અનેક યુગો સુધી આપ્યા કરશે, જેમને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ, પ્રત્યક્ષ પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ તથા સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે અનહદ અનન્ય ભક્તિભાવ હતો અને જેમણે અનેક પ્રકારનું કીમતી માર્ગદર્શન આપીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટની, મુમુક્ષુસમાજની, અનેક ગામોમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રભાવના-ઉદયે નિર્મિત થયેલાં જિનમંદિર-સ્વાધ્યાયમંદિર-સમવસરણ-મંદિર-માનસ્તંભ વગેરે સંબંધી અત્યુપયોગી સલાહ-સૂચના આપીને તથા નકશાઓ કરીને તે–તે ગામના મુમુક્ષુસમાજની અનેકવિધ અમૂલ્ય સેવા કરી છે, સંક્ષેપમાં કહીએ તો, જેમનો આત્મા અને જેમનું જીવન પૂજ્ય ગુરુદેવ, પૂજ્ય બહેનશ્રી તથા સુવર્ણપુરી તીર્થધામ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત હતું, તે મુરબ્બી શ્રી વ્રજલાલભાઈના—ચિરવિયોગથી એક અસાધારણ હિતેચ્છુ મુમુક્ષુ વડીલ ખોયાની વિષાદભરી લાગણી સમસ્ત મુમુક્ષુસમાજ અનુભવે છે.

દિવંગત આત્મા પ્રાપ્ત કરેલા અધ્યાત્મસંસ્કારોના બળે તથા વીતરાગ દેવ-ગુરુ-ધર્મના, પૂજ્ય સદ્‌ગુરુદેવના તેમ જ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મરસભીના કૃપાપ્રતાપે અધ્યાત્મસાધનામાં અગ્રસર થઈ શીઘ્ર શાશ્વત પૂર્ણાનંદપદને પ્રાપ્ત થાઓ.—એ જ સ્વર્ગસ્થ આત્મા પ્રત્યે સમસ્ત મુમુક્ષુસમાજ વતી ભાવભીની શોકાંજલિ.

શોકપ્રસ્તાવક—

| | |
|---|---|
| સમાગત મુમુક્ષુ-મહેમાનો અને | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, |
| સોનગઢ ગામના અગ્રણીઓ. | શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, સોનગઢ, |

—૦—

[ મુરબ્બી શ્રી વ્રજલાલભાઈના દેહાવસાન નિમિત્તે તા. ૧૬–૧૧–૮૭ના દિને પ્રવચનમંડપમાં એક શોકસભા, ટ્રસ્ટના પ્રમુખશ્રીની અધ્યક્ષતામાં, રાખવામાં આવી હતી. તે પ્રસંગે સ્વર્ગસ્થ આત્માને બ્ર૦ ચંદુભાઈ, સર્વશ્રી હીરાભાઈ, શશીભાઈ, હીરાલાલજી જૈન, પ્રાણલાલભાઈ કામદાર, ધીરુભાઈ બોરડિયા, કાંતિભાઈ (લીંબડીવાળા), ઉપનગર (મલાડ) મુમુક્ષુમંડળના પ્રમુખ નગીનભાઈ ડગલી, ગામના પ્રતિષ્ઠિત સજ્જનો શેલાભાઈ ખસિયા ને ખીમજીભાઈ વીરા તથા ટ્રસ્ટના મંત્રી ચિમનભાઈ મોદીએ ભાવભીની શોકાંજલિ સમર્પિત કરી હતી. ]

## વૈરાગ્યસમાચાર :—

❀ જામનગરનિવાસી શ્રી રતિલાલ દલપતરામ મહેતા તા. ૨૯–૯–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યાં છે.

❀ વીંછિયાનિવાસી શ્રી અજવાળીબેન જગજીવન વોરા (વર્ષ–૭૫) તા. ૧૬–૧૧–૮૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યાં છે.

❀ બોટાદનિવાસી શ્રી દલીચંદભાઇ સોમચંદભાઇ ડગલીના સુપુત્રી શ્રી સરલાબેન સુરેશકુમાર શાહ (વર્ષ ૪૦) તા. ૧૮–૧૧–૮૭ ના રોજ મુંબઇ મુકામે સ્વર્ગવાસ પામ્યાં છે.

❀ મુંબઈનિવાસી શ્રી કંચનબેન મનસુખલાલ શાહ (વર્ષ–૬૫) માગશર સુદ બીજના રોજ સ્વર્ગવાસ પામ્યાં છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ને પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

❀

## વૈરાગ્યસમાચાર :

### મુમુક્ષુ વડીલ શ્રી વ્રજલાલભાઈની ચિરવિદાય!

સોનગઢનિવાસી આત્માર્થી મુમુક્ષુ ભાઈશ્રી **વ્રજલાલભાઈ જેઠાલાલ શાહ**, ઇજનેર (વર્ષ–૮૪)નું [પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના તથા આપણા સૌના આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ શાહના મોટા ભાઈનું] કારતક વદ ૯, રવિવાર ને તા. ૧૫–૧૧–૮૭ના રોજ પ્રોસ્ટેટની ટૂંકી બિમારીથી દેહાવસાન થયું છે. સ્વર્ગસ્થ મુરબ્બી શ્રી વ્રજલાલભાઈના ચિરવિયોગથી સમસ્ત મુમુક્ષુસમાજને દુઃખદ આઘાત લાગ્યો છે અને સંસ્થાને તેમ જ સમાજને, ન પૂરી શકાય એવી, મોટી ખોટ પડી છે.

વડીલ શ્રી વ્રજલાલભાઈ આપણા પરમ તારણહાર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનન્ય ભક્ત હતા. અર્ધ શતાબ્દિથી અધિક એવા દીર્ઘ કાળ સુધી તેમને પૂજ્ય સદ્‌ગુરુદેવના ભવાન્તકારી કલ્યાણદાયી સત્સમાગમનો 'બડો આનંદ' માણવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. અંતરમાં, પૂજ્ય ગુરુદેવે બતાવેલ 'જ્ઞાયક' શબ્દના વાચ્યભૂત શુદ્ધાત્મતત્ત્વનું લક્ષ અને બહારમાં, સોનગઢનાં તેમ જ બીજાં ગામોનાં જિનાયતનોના નવનિર્માણમાં સલાહ–સૂચન વગેરે સહયોગ દ્વારા, વીતરાગ દેવ-ગુરુ-ધર્મની પરમ ભક્તિ—એ રીતે નિશ્ચય–વ્યવહારના સુમેળ વડે તેમણે પોતાની મુમુક્ષુતા સાર્થક કરી હતી.

આમ તો, 'તેજબા' માતાએ પોતાના પરિવારને નાની ઉંમરમાં જ ધાર્મિક સંસ્કારો સીંચેલા. વજુભાઈએ 'પુચ્છિસુણં'—એ ૨૯ કડીનું માગધી ભાષામાં રચિત 'મહાવીર-સ્તવન' નાની ઉંમરમાં માત્ર એક દિવસમાં કંઠસ્થ કરેલ, ૧૩–૧૪ વર્ષની ઉંમરે આખું 'દશવૈકાલિક' સૂત્ર મુખપાઠ કર્યું હતું અને નવ તત્ત્વ, ગતિ–આગતિના બોલ વગેરે અનેક થોકડા પણ શીખેલા. અખિલ કાઠિયાવાડ સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ તરફથી લેવાતી પરીક્ષામાં બીજે નંબરે ઉત્તીર્ણ થયેલા અને તે બદલ તેમને પ્રમાણપત્ર તથા ઇનામ પ્રાપ્ત થયેલું.

વિ.સં. ૧૯૮૨ માં—વઢવાણના ચાતુર્માસમાં—તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો સુયોગ પ્રાપ્ત થયો. ગુરુદેવની વાણી કોઈ જુદી જ જાતની! અધ્યાત્મનાં ગહન મૂલ્યો તથા સમ્યગ્દર્શનના સાતિશય માહાત્મ્યથી ભરપૂર! તે સાંભળી વજુભાઈ ખૂબ જ પ્રભાવિત થયા અને અમદાવાદની કોલેજમાં અભ્યાસ કરતા પોતાના નાના ભાઈને અવારનવાર લખતા—ભાઈ હિંમત! વઢવાણમાં આ વર્ષે 'કાનજીમુનિ' નામે બોટાદ–સંઘાડાના સાધુનું ચોમાસું છે. તેઓ વ્યાખ્યાનમાં 'સમકિત' ઉપર ખૂબ ખૂબ ભાર આપે છે. અત્યાર સુધી આપણે એમ સમજતા હતા કે 'तं एव सच्चं—અરિહંત ભગવાન સાચા છે' એટલી શ્રદ્ધા તે સમકિત અને એક–બે સામાયિક કે ઉપવાસ કરીએ તે શ્રાવણપણું–પાંચમું ગુણઠાણું;

પરંતુ આ મહારાજ એમ કહે છે કે : "શરીરનાં ચામડાં ઊતરડીને ખાર છાંટનાર ઉપર પણ ક્રોધ ન કર્યો—એવાં વ્યવહારચારિત્રો આ જીવે અનંત વાર પાળ્યાં છે, પણ અંતરમાં સમકિત એક વાર પણ પ્રાપ્ત કર્યું નથી.....લાખો જીવોની હિંસાના પાપ કરતા મિથ્યાદર્શનનું પાપ અનંતગણું છે. સમકિત સહેલું નથી, લાખો કરોડોમાં કોઈક વિરલ જીવને જ તે હોય છે. સમકિત એ કોઈ જુદી જ વસ્તુ છે. સમકિત વિનાની ક્રિયાઓ એકડા વિનાનાં મીંડાં છે. સમકિતનું સ્વરૂપ ઘણું જ સૂક્ષ્મ છે. અગિયાર અંગ કંઠાગ્રે હોય પણ સમકિત ન હોય તો તે અજ્ઞાન છે. આજકાલ તો સૌ પોતપોતાના ઘરનું સમકિત માની બેઠા છે. સમકિતીને તો મોક્ષના અનંત અતીન્દ્રિય સુખની વાનગી પ્રાપ્ત થઈ હોય છે. તે વાનગી મોક્ષના સુખના અનંતમા ભાગે હોવા છતાં અનંત છે." આ રીતે મહારાજશ્રી સમ્યગ્દર્શનનું અદ્ભુત માહાત્મ્ય અનેક સમ્યક્ યુક્તિઓથી, અનેક પ્રમાણોથી અને અનેક સચોટ દૃષ્ટાંતોથી અત્યંત સ્પષ્ટપણે સમજાવે છે, અને વિચાર કરતાં મને પણ તેમની વાત સાવ સાચી લાગે છે. મને ઇજનેરની નોકરી (છ મહિના) મોડી મળી, જેથી કાનજીમહારાજની વાણીનો લાભ મળ્યો, તેને મારું સદ્ભાગ્ય સમજું છું.—આ રીતે કિમતી જુવાનીમાં તેમના હૃદયને વિષે સમકિતના અનુપમ મહિમાનું બીજારોપણ થયેલું. પૂજ્ય ગુરુદેવનાં વ્યાખ્યાનોમાંથી તેઓ સમકિતનો મહિમા વગેરે અનેક મહત્ત્વપૂર્ણ વિષયો વીણીને 'જૈનપત્રો'માં આપતા.

વજુભાઈને વાંચનનો ઘણો રસ. સમયસાર વગેરે અધ્યાત્મગ્રંથો તો સારી રીતે વાંચેલા; તદુપરાન્ત ષટ્ખંડાગમના અનેક ભાગ, આદિપુરાણ, જિનેન્દ્રસિદ્ધાંતકોષ, નયદર્પણ વગેરે અનેક ગ્રંથો પણ સમજપૂર્વક વાંચી ગયેલા. વાંકાનેરમાં, ત્યાં હતા ત્યાં સુધી, શાસ્ત્રપ્રવચન પણ આપતા. પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી સાથે તીર્થયાત્રાઓ પણ કરેલી. તેમણે તેમના જીવનમાં જ્ઞાનરસનું પડખું ગુપ્ત રાખેલું, બીજાને તો 'ઇજનેર' રૂપે અથવા સંસ્થાના કુશળ વહીવટકાર તરીકે તેમનાં દર્શન થતાં. ખરું કહીએ તો, અંતરમાં તત્ત્વલક્ષ સહિત, દેવગુરુની ભક્તિપ્રધાન બાહ્ય પ્રવૃત્તિ દ્વારા સોનગઢતીર્થ, સંસ્થા અને મુમુક્ષુસમાજ પ્રત્યે તેમની સેવાનો ફાળો અતિ મહાન છે. પૂજ્ય ગુરુદેવની સાધનાભૂમિ સુવર્ણપુરીનો સાતિશય તેમ જ અજોડ 'તીર્થ'રૂપે આ જે મૂર્ત આકાર તે તો શ્રી વ્રજલાલભાઈની ચિરંજીવી પુણ્ય સ્મૃતિ છે. તે ભવ્ય જિનાયતનો હજારો વર્ષો સુધી તેમની દેવગુરુભક્તિભીની સેવાનાં અમૂલાં મૂલ્યો જગવિદિત કર્યા કરશે.

આત્માર્થી શ્રી વ્રજલાલભાઈનો દિવંગત આત્મા, પ્રાપ્ત કરેલા અધ્યાત્મસંસ્કારો દ્વારા તથા વીતરાગ દેવગુરુધર્મ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીની અચિંત્ય કૃપા દ્વારા, શીઘ્ર પરમાનંદદશાને પ્રાપ્ત થાઓ.—એ જ સ્વર્ગસ્થ આત્મા પ્રતિ ભાવભીની અંજલિ

* * *

તદુપરાન્ત, મુરબ્બી શ્રી વ્રજલાલભાઈના દેહાવસાનના અણધાર્યા સમ
વાંચીને યા સાંભળીને બહારગામનાં—દેશનાં તેમ જ વિદેશનાં—મુમુક્ષુમંડળોને
મુમુક્ષુઓને, સાચી સલાહ આપનાર એક હિતસ્વી વડીલના વિયોગનો જે વિષાદ
છે તેની સંવેદના વ્યક્ત કરવા માટે તેમના તરફથી સંસ્થા ઉપર તેમ જ વજુભા
પરિવાર ઉપર દિલસોજીના ૮૬ તાર, ૧૮૦ પત્રો તથા અનેક શોકપ્રસ્તાવ આવ્યા
અત્રે સ્થળસંકોચને લીધે તેની વિશેષ વિગત આપી શકાઈ નથી. □

## સુવર્ણપુરી-સમાચાર—

* સ્વાનુભવમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીની તપોભૂમિ તીર્થધામ સુવર્ણપુરીમાં, ધર્મરત્ન પ
બહેનશ્રી ચંપાબહેનની મંગલવર્ધિની છાયામાં, ધાર્મિક કાર્યક્રમો યથાવત્ ચાલી રહ્યા

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન પોતાની શુદ્ધાત્મસાધના સહિત કુશળ
પૂર્વક બિરાજી રહ્યા છે, શારીરિક સ્વાસ્થ્ય યથાવત્ ઠીક છે. તેમના પુનીત દર્શનનો
જ તેમની અધ્યાત્મરસયુક્ત ગુરુભક્તિરસભીની અમૃતવાણીનો પણ અમૂલ્ય લાભ મળે

* સ્વાનુભવમૂર્તિ પૂજ્ય ગુરુદેવના સાતમા વાર્ષિક સમાધિદિન નિમિત્તે પાંચ દિવ
'ધાર્મિક કાર્યક્રમ'ના પ્રસંગે પંચપરમેષ્ઠી-મંડલવિધાનપૂજા શ્રી મંજુલાબેન મનહર
શેઠ, બેંગલોર તરફથી રાખવામાં આવી હતી. તેમ જ એક મુમુક્ષુબહેન (હસ્તે
હીરાભાઈ, દહેગામ) તરફથી ૨૫% અને શ્રી અંબાલાલ કેશવલાલ શાહ, દહે
તરફથી ૨૫%—એ રીતે પુસ્તકની કિંમતમાં કુલ ૫૦% ડીસ્કાઉન્ટ રાખવામાં આ
હતું. રૂા. ૧૦,૦૦૦નું સાહિત્ય-વેચાણ થયું હતું.

* ઉપરોક્ત પાંચ દિવસો દરમિયાન તેમ જ આગળ-પાછળના દિવસોમાં પૂ
બહેનશ્રી ચંપાબહેનના ચરણે તેમ જ 'હાર'રૂપે આવેલી રકમ રૂા. ૧૫,૦
શ્રી નંદીશ્વર-જિનાલય તેમ જ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત પુસ્તક-પ્રકાશન ખ
જાહેર કરવામાં આવ્યા હતા.

* માગશર વદ-૮ ના રોજ જિનશાસન-સૂર્ય ભગવત્ કુંદકુંદ-આચાર્યદેવ
આચાર્યપદ—આરોહણ દિવસ સમૂહપૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ ઉપરાંત આચ
કુંદકુંદદેવ પ્રત્યે પોતાના ભક્તિ-મહિમા વ્યક્ત કરતાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના માંગ
ટેપ-પ્રવચન પૂર્વક ઉલ્લાસથી ઉજવવામાં આવ્યો હતો.

* ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ મળવાની ખુશાલી
રૂા. ૫૦૦૨/-શ્રી નૌત્તમભાઈ હરિલાલ દોશી પરિવાર, મુંબઈ તરફથી જાહેર કરવા
આવ્યા હતા.

* શ્રી આદિનાથ ભગવાનના નિર્વાણ-કલ્યાણકનો વાર્ષિકદિન તા. ૧૮-૧-૮૮ના રો
શ્રી નંદીશ્વર-જિનાલયમાં વિશેષ પૂજા-ભક્તિપૂર્વક ઉજવવામાં આવશે. *

વૈરાગ્યસમાચાર—

# બ્ર૦ હરિભાઈ જૈનનો અચાનક સ્વર્ગવાસ

ગુજરાતી 'આત્મધર્મ'ના ભૂતપૂર્વ સંપાદક બ્ર. હરિલાલ અમૃતલાલ મહેતાનું માગશર વદ ૩, મંગળવાર, તા. ૮-૧૨-૮૭ના રોજ હાર્ટ-એટેકની (માત્ર પોણા કલાકની) બિમારીથી સોનગઢ મધ્યે અચાનક દેહાવસાન થયું છે. તેમને પૂર્વે બે વાર એટેક આવી ગયેલો, આ ત્રીજો ઍટેક જીવલેણ બની ગયો.

જેમણે બત્રીશ વર્ષ જેટલા દીર્ઘ કાળ સુધી 'આત્મધર્મ'નું સંપાદાન-કાર્ય કર્યું હતું તે બ્ર. શ્રી હરિભાઈથી આપણો મુમુક્ષુસમાજ પરિચિત છે. તેઓ વિ.સં. ૧૯૯૮માં ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગમાં તેમના ભાઈજી સાથે સૌ પહેલાં સોનગઢ આવેલા; સં. ૧૯૯૯માં 'ટાઇપરાઇટિંગ' શીખવા માટે રાજકોટ આવેલા, ત્યારે તે પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો સાંભળતા અને થોડું પોતાની નોંધબૂકમાં લખી લેતા. રાજકોટના આ ચાતુર્માસ વખતે, પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ વાણીનો દૂર વસતા મુમુક્ષુઓને લાભ મળે તે માટે ટ્રસ્ટ તરફથી એક માસિક પત્ર શરૂ કરવાની વિચારણા ચાલતી હતી; અને સં. ૨૦૦૦માં ટ્રસ્ટના પ્રમુખશ્રી રામજીભાઈ દોશીના સંપાદકપણા નીચે 'આત્મધર્મ' માસિક પત્રનું પ્રકાશન શરૂ થયું. તે વખતે હરિભાઈનું લખાણ વાંચીને પ્રમુખશ્રીએ તેમને 'આત્મધર્મ'ના લેખનકાર્ય માટે નિયુક્ત કર્યા. ત્યારથી તેમને પૂજ્ય ગુરુદેવના સત્સમાગમમાં સતત રહેવાનો લાભ મળ્યો. એ રીતે વિ.સં. ૨૦૩૧ સુધી કૃપાળુ કહાનગુરુદેવની વાણીને લેખનારૂઢ કરવાનું કાર્ય તેમણે કર્યું.

વિ.સં. ૨૦૦૩માં તેમણે પૂજ્ય ગુરુદેવશ્રી પાસે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી. તેમને ઘણાં વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મ વાણી શ્રવણ કરવાનો લાભ મળ્યો. તદુપરાંત પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતીમાતા સાથે તીર્થયાત્રાઓનો પણ ઉલ્લાસભાવે સારો લાભ મળ્યો હતો. તેમને શાસ્ત્રસ્વાધ્યાય તેમ જ તીર્થયાત્રાનો રસ સારો હતો. હજુ હમણાં જ દક્ષિણનાં કેટલાંક જૈન તીર્થોની યાત્રા કરીને સોનગઢ આવેલા, ત્યાં અચાનક હાર્ટનો ઍટેક આવ્યો અને આપણી વચ્ચેથી તેમણે ચિરવિદાય લીધી.

સ્વર્ગસ્થ આત્મા પૂજ્ય ગુરુદેવશ્રીના અને પૂજ્ય ભગવતીમાતાના સમાગમપ્રતાપે શીઘ્ર ભવાન્તનો ઉપાય પામી શાશ્વત પરમાનંદને પ્રાપ્ત થાઓ.—એ જ દિવંગત આત્મા પ્રત્યે ભાવભીની અંજલિ.

—✻—

# 卐 આચાર્યદેવે જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે 卐

* અહો! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતાં મૂકયા છે. આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે. ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં પરિષહોને જીતીને પરમ સતને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યાં છે. આવા મહાન શાસ્ત્રોની રચના કરીને ઘણા જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. રચના તો જુઓ! પદે પદે કેટલું ગંભીર રહસ્ય છે! આ તો સત્યની જાહેરાત છે. આના સંસ્કાર અપૂર્વ ચીજ છે અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. સમજે તેને મોક્ષ જ છે.

* ભગવાન પૂર્ણાનંદને જેણે દષ્ટિમાં તોળ્યો એને હવે બાકી શું રહ્યું અને જેણે વિકલ્પને દષ્ટિમાં લીધો એને હવે નુકશાન થવામાં બાકી શું રહ્યું?

—સ્વાનુભવમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH–364 250 (INDIA)

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૩૫૦